## બહેનશ્રી જન્મજયંતી–વિશેષાંક



પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

કહાન સંવત–૧૦ □ (૫૬૨) ✻ **આત્મધર્મ** ✻ (અંક–૨ વર્ષ–૪૭) □ વીર સં. ૨૫૧૬ ઓગસ્ટ, ૧૯૯૦

# * આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* પરમાત્મપદમાં ભાવના કરતાં રહેવાથી તે — અનન્ત જ્ઞાનસ્વરૂપ પરમાત્મા — 'હું છું' એવા સંસ્કાર પામેલો તે-જ્ઞાનીપુરુષ-વારંવાર તેમાં જ-આત્મસ્વરૂપમાં જ દૃઢ સંસ્કારને લીધે નિશ્ચયથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. ૨૨૯.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૨૮)

* શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી. અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને–અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર' પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં–અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે. ૨૩૦.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧)

* હે હતાશ મધુકર! તેં કલ્પવૃક્ષની મંજરીનો સુગંધીરસ ચાખ્યો, ને હવે ગંધ વગરના ઘાંસ પલાશ ઉપર તું ભમતો ફરે છે!—અરે, આમ કરતાં તારું હૈયું ફાટી કેમ ન ગયું? ને તું મરી કેમ ન ગયો? (અત્યંત મધુર ચૈતન્યરસ ચાખ્યા પછી, બીજા નીરસ વિષયોમાં ઉપયોગ ભમે તેમાં જ્ઞાનીને મરણ જેવું દુઃખ લાગે છે.) ૨૩૧.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૫૨)

* હે યોગી! એક પરમ આત્મદર્શન જ મોક્ષનું કારણ છે. અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી, આમ ખરેખર તું જાણ. ૨૩૨.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૬)

* સર્વ કાર્યોમાં, શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન, આ લોક પરલોકમાં સુખ આપનાર અને સ્વાધીન હોવાથી સુગમતાથી સધાય તેવું છે. ૨૩૩.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૪, ગાથા-૧૬)

[ અનુસંધાન માટે જુઓ ટાઈટલ ૩ ]

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૭
અંક-૨
[ ૫૬૨ ]

વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
AUG.
A.D. 1990




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલકારી
૭૭ મી જન્મજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

## ૭૭ અધ્યાત્મ-પુષ્પો

* આત્મા મંગળ છે, આત્મા ઉત્તમ છે ને આત્મા નમસ્કાર કરવા યોગ્ય છે. પંચપરમેષ્ઠી કે ત્રિલોકનાથ તીર્થંકરને નમસ્કાર કરવાનો ભાવ તે શુભ રાગ છે. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્યનો આશ્રય કરવો, પરને નમસ્કાર કરવો એ શુભ રાગ છે, ને શુભ રાગ છે તે પરમાર્થે દુઃખ છે. અંદર ચૈતન્યપ્રભુને નમસ્કાર કરવો એટલે કે રાગને પૃથક્ કરીને સ્વરૂપમાં ઢળી જવું, અતીન્દ્રિય આનંદમાં નમી જવું—એ સુખ છે. નમસ્કાર કરવા લાયક તો એક જ્ઞાયક છે. ૧.

* જેને આત્માનું કલ્યાણ કરવું હોય, ધર્મ કરવો હોય, તેની આ વાત છે. તેણે એવું કરવું જોઈએ કે 'હું તો પરપદાર્થથી ભિન્ન, અરે! દયા-દાનના શુભ રાગથી પણ ભિન્ન, ઉદાસીન જ્ઞાતા છું'. 'હું જ્ઞાતા છું' તે અસ્તિથી વાત લીધી; અને અંતરમાં જે શુભરાગ વગેરે ઉત્પન્ન થાય છે તેનાથી પણ મારી હયાતી, મારી જ્યોત ભિન્ન છે,

ઉદાસીન છે–એમ નાસ્તિથી વાત કરી. સ્વભાવથી હું જ્ઞાતા છું અને રાગથી હું ઉદાસીન છું, વિરક્ત છું. હું હયાતી ધરાવતો જ્ઞાયકપદાર્થ પરથી—વ્યવહાર-રત્નત્રયના રાગથી પણ—ભિન્ન, ઉદાસીન છું; મારું આસન તેમાં નથી; મારું ટકવાપણું તેના વડે નથી; મારું ટકવાપણું રાગથી રહિત જ્ઞાતાપણામાં છે. જ્ઞાતાસ્વરૂપપણે અસ્તિ ને રાગથી નાસ્તિ —ઉદાસીન, એવી નિવૃત્ત દશામાં જ ધર્મ અને શાન્તિ છે. ૨.

* પ્રતિબિંબ પડે તે કાળે જ દર્પણ સ્વચ્છ અને નિર્મળ છે તે દૃષ્ટાંત પ્રમાણે વિભાવપરિણામના સમયે જ તારામાં અંદર નિર્મળતા ભરેલી છે. નિર્મળ ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ દે તો, જ્યાં રાગાદિનું પ્રતિબિંબ દેખાય છે ત્યાં, તે જ સમયે નિર્મળતા ભરી છે તે પણ દેખાય છે. પરિણામમાં પુણ્ય-પાપના વિભાવ થાય છે તે વખતે જ અંદર આત્મા તો નિર્મળાનંદ છે. પોતાને નિર્મળ જ્ઞાન ને નિર્મળ આનંદથી ભરપૂર જાણે અને રાગાદિ વિભાવને પરભાવ જાણે તો જન્મ-મરણથી રહિત થવાય. જન્મ-મરણ રહિત થવાની આ રીત કોઈ અલૌકિક છે. બાકી જન્મ-મરણ તો જીવ અનંતકાળથી કરે છે. ૩.

* ભગવાન આત્મા અંદર જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોનો એકરૂપ પિંડ કે જે શુભાશુભાદિ સર્વ પર્યાયથી તેમ જ ગુણભેદથી રહિત છે તેને સહજ એક જ્ઞાયકભાવરૂપ સામાન્ય કહે છે, દ્રવ્ય કહે છે. એ જ્ઞાયકભાવ મારો પ્રભુ છે; તેને જ હું દેખું છું; બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર શ્રદ્ધારૂપ જોર આવે, દ્રવ્યની જ શ્રદ્ધારૂપ અધિકતા રહે, તેને 'સામાન્ય પર દૃષ્ટિ' અથવા તો 'દ્રવ્ય પર દૃષ્ટિ' કહે છે. તથા શરીર, કર્મ આદિ પરથી, રાગાદિ વિભાવોથી ને ગુણભેદના વિકલ્પોથી તે સહજ જ્ઞાયકભાવ સદા ભિન્ન છે એમ—ધ્રુવ સ્વભાવના જોર સહિત—જુદાપણાનું જ્ઞાન તે ભેદજ્ઞાન છે. ૪.

* તું સ્વયં પોતે પોતાને જાણ અને પરનો ને રાગાદિ વિભાવનો અકર્તા–જ્ઞાતા થા તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે. 'હું તો ઉદાસીન જ્ઞાતા છું.' આત્મા શરીર, વાણી આદિ પરનો કર્તા તો નથી, પણ પૂજા-ભક્તિ, વ્રત-તપ, દાન-શિયળ વગેરે શુભ રાગનો પણ અકર્તા છે, જ્ઞાતા

છે. ચિદાનંદ પ્રભુ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે રાગનો કર્તા કેવી રીતે થાય? ૫.

* ભગવાન આત્મા પૂર્ણાનંદમય પ્રભુ છે. તેમાં રાગનો પણ પ્રવેશ નથી, તો કર્મ, શરીર ને બીજી ચીજોનો પ્રવેશ ક્યાંથી હોય? **पूर्णम् इदम्.....पूर्णम् इदम्।** પ્રભુ પોતે જ્ઞાનાનંદસ્વભાવી પૂર્ણ છે, એને ચિંતા શી? આહાહા! આવી દ્રવ્ય-અપેક્ષાની પૂર્ણતાનું જેને સ્પષ્ટ ભાન હોય, તે જ પર્યાય-અપેક્ષાની અપૂર્ણતાને ટાળીને પર્યાયમાં પૂર્ણ થાય છે. ૬.

* 'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે'. શું કહ્યું?—કે વસ્તુ તો મુક્તસ્વરૂપ જ છે—એવી દૃષ્ટિ થઈ તો મુક્તિની પર્યાય થશે જ. દ્રવ્યદૃષ્ટિવાળાને પર્યાય ઉપર જોર નથી; જોર તો દ્રવ્ય ઉપર જ છે. જ્ઞાનીની દૃષ્ટિ પર્યાય ઉપર નથી. અમુક પર્યાય આવે—એમ પર્યાય ઉપર જોર નથી; જોર તો સદા દ્રવ્ય ઉપર જ છે. એ રીતે દ્રવ્ય પ્રત્યે આલંબન છે, જોર છે, નિમિત્તનું ને વ્યવહારનું આલંબન તો છૂટી ગયું, પણ નિર્મળ પર્યાયનું પણ આલંબન નથી. અહા! આવી મુક્તસ્વરૂપ વસ્તુનું આલંબન લેવાથી, અને 'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ તેની ઉપેક્ષા થવાથી, મુક્તિની પર્યાય અવશ્ય આવશે જ. ૭.

* પોતાના સ્વભાવની જાતિને ઓળખ. તું વિભાવથી મલિન થયો નથી, મલિનતા માની છે. શુભ-અશુભ રાગ જે વિકલ્પ છે તેનાથી વસ્તુ મલિન થઈ ગઈ છે એમ માની જીવ ભ્રમણામાં છેતરાઈ ગયો છે. પ્રભુ! તારા અસ્તિત્વમાં તો પુણ્ય-પાપના ભાવ છે નહિ, પણ 'તે ભાવ મારા છે ને તેનાથી મને લાભ થશે' એમ માનીને તું છેતરાઈ ગયો છો. તેં તને છેતર્યો છે બાપુ! ૮.

* ત્રિકાળી ચૈતન્યપ્રભુમાં, જિનસ્વરૂપી ભગવાન આત્માના સ્વભાવમાં, મલિનતા—રાગાદિની અશુદ્ધતા—નથી. જેમ સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છતાં તે લાલરૂપે થઈ ગયો નથી, તેમ ભગવાન આત્મામાં શુભાશુભ વિકાર દેખાય છતાં આત્મા તે-રૂપે થઈ ગયો નથી. રાગાદિ વિકલ્પ ને ત્રિકાળી સ્વભાવ વચ્ચે સંધિ—સાંધ છે; તે બન્ને કદી નિઃસંધિ—એકમેક થયા નથી, જુદા જ છે. ૯.

* આ શરીર, વાણી ને મન તથા ઇંદ્રિયો ને બહારના વિષયો તો માટી છે, ધૂળ છે, જડ છે; અંદરમાં હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગની વાસના, ક્રોધ-માન આદિના પરિણામ થાય તે પાપભાવ છે; એ કાંઈ આત્મા નથી. વળી દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરેના ભાવો પણ આત્મા નથી, એ તો પુણ્યતત્ત્વ છે. અજીવથી જુદો ને પુણ્ય-પાપના ભાવથી રહિત એવો હું એક, અરીસાની જેમ, સ્વચ્છ જ્ઞાયકભાવ છું. સમ્યગ્દર્શન માટે અંતરમાં પ્રથમ આવો નિર્ણય કરવો. આવી ઝીણી વાત છે પ્રભુ! અનંત કાળમાં તેં જ્ઞાયકભગવાનનો પરિચય કર્યો નથી. ૧૦.

* અહો! આત્માની લીલા તો જુઓ! પહેલી ક્ષણે મતિ-શ્રુત હોય ને બીજી જ ક્ષણે અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય. જગતની જાતથી એની વાત જુદી છે. એક ક્ષણ પહેલાં ચક્રવર્તી રાજ્યમાં બેઠો હોય ને બીજી ક્ષણે જુઓ તો નગ્ન ને અંદરમાં કેવળજ્ઞાનની જળહળ જ્યોતિ! જ્ઞાયકપ્રભુ પૂર્ણસ્વરૂપથી ભરેલો છે; તેનામાં સ્વાભાવિક વિચિત્રતાઓ—અદ્‌ભુતમાં અદ્‌ભુત દશાઓ—થાય એ એની લીલા છે. ૧૧.

* નવ તત્ત્વમાં રાગ પુણ્યતત્ત્વ ને પાપતત્ત્વમાં જાય છે. એ રાગ પણ મારી ચીજ નથી. હું તો રાગના લેપ રહિત ચૈતન્યદેવ છું. સમયસારના કળશમાં આવે છે ને—' अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्.... ' આત્મા પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે અને ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે. હું તો જ્ઞાન, આનંદ આદિ અનંત અચિંત્ય દિવ્ય શક્તિઓનો ધારક જ્ઞાયકદેવ છું. દયા, દાન વગેરે રાગાદિનો લેપ મારો નથી, તે મારી ત્રિકાળી ચીજમાં નથી, તેનાથી આત્માની શાંતિ કે ધર્મ થતો નથી. ૧૨.

* ગમે તેવા ઉદયમાં—જગતના સંયોગી પદાર્થો, જગતનાં ક્ષેત્ર, જગતના કાળ–સ્થિતિ–અવસ્થા, અને જગતના ભાવો ગમે તેવા હો—આત્મા સદા નિર્લેપ છે. નિગોદમાં પણ આત્મદ્રવ્ય સ્વભાવે તો નિર્લેપ જ છે. અહા! કેમ બેસે? અસ્તિત્વ છે ને! વસ્તુ છે ને! વસ્તુ છે તો તે સ્વભાવે નિર્લેપ જ છે. નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે વિકાસ

ને કેવળજ્ઞાનમાં સંપૂર્ણ વિકાસ, પણ તે તો પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેમ કે તેની ઉત્પત્તિ થાય છે. જેની ઉત્પત્તિ થાય તે પર્યાય છે, ગુણ નથી. ગુણની ઉત્પત્તિ થાય નહિ. કેવળજ્ઞાન ગુણ નથી. ૧૩.

* પૂજા, ભક્તિ ને વ્રત, તપ વગેરે શુભરાગની ધમાલ ભલે હો; પરંતુ હું તેનાથી ઉદાસ છું, એ મારું કાર્ય નથી. હું તો સ્વથી જ્ઞાતા ને પરથી ઉદાસ છું. શીતળ ને શાન્તસ્વરૂપ એવો હું ચૈતન્યચંદ્ર જ્ઞાતા છું, અને રાગાદિ ભાવથી હું ઉદાસ છું, ભિન્ન છું, વિરક્ત છું—એવી અંતર્મુખ નિવૃત્ત દશામાં જ અતીન્દ્રિય શાન્તિ અને અતીન્દ્રિય આનંદ છે. બાકી રાગ વગેરે તો અશાંતિ છે, દુઃખ છે. ભલે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રત વગેરેના પરિણામ હોય, તે બધુંય અશાન્તિ છે. તે અશાન્તિથી તો હું વિરક્ત ને ઉદાસીન છું. ૧૪.

* મુખ્ય વસ્તુ જ આત્મા છે. રાગ આત્માના મૂળ સ્વભાવમાં છે જ નહિ. વસ્તુ ભૂતાર્થ છે, ને પર્યાય ગૌણ કરીને અભૂતાર્થ છે. રાગની પર્યાય છે, તો તેને જાણનારી જ્ઞાનની પર્યાય છે ને? પર્યાય હોવા છતાં ત્રિકાળી ભૂતાર્થને—સત્યને પ્રગટ કરવા તેને ગૌણ કરી નાખ. 'પર્યાય નથી' એમ કહે છે ત્યાં તેને ગૌણ કરીને 'નથી' કહે છે. જો પર્યાય 'સર્વથા નથી' એમ કહે તો એકાંત—વેદાંત થઈ જાય. અહીંયાં તો પર્યાયનું લક્ષ છોડાવવા ગૌણ કરીને 'નથી' એમ કહ્યું; અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય કહી છે, કેમ કે તેની દૃષ્ટિ કરાવવી છે. શું પર્યાય નથી? રાગ નથી? જો રાગ નથી તો અંતર આનંદનો પ્રગટ અનુભવ હોવો જોઈએ! ૧૫.

* હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું, ચૈતન્યઘન છું—એ વિધિના વિકલ્પો છે અને હું રાગ નથી, વિકલ્પ નથી, બંધાયેલો નથી—એ નિષેધના વિકલ્પો છે; તે વિકલ્પજાળને છોડ. પ્રભુ આત્મા તો વિધિનિષેધના વિકલ્પોથી પાર છે. સમયસારની ૧૪૨ મી ગાથાના મથાળામાં કહ્યું છે કે—'તેથી શું?' હું શુદ્ધ છું ને હું અબદ્ધ છું—એવા નયપક્ષનો વિકલ્પ આવ્યો તેથી તને શો લાભ છે? 'આત્મા બંધાયેલો છે' એવા વ્યવહારના પક્ષને તો પહેલેથી જ છોડાવતા આવ્યા છીએ, પણ 'હું

બંધાયેલો નથી, શુદ્ધ છું' એવી વિકલ્પજાળથી પણ તને શો લાભ છે? ૧૬.

* શુભાશુભ વિકલ્પથી જુદી ત્રિકાળી જ્ઞાયકચીજ અંદર પડી છે, તે ક્યાંયથી લાવવી પડતી નથી. એ વિકલ્પ ને વિકલ્પનું જ્ઞાન કરનારી પર્યાય પાસે આખું તત્ત્વ પડ્યું છે તે હું છું. હું વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું. અહા! આ વાત કેમ બેસે? રાગના વિકલ્પથી ભિન્ન એવો હું અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો પિંડ છું, સહજ શુદ્ધ ચૈતન્યસત્તાનું દળ છું. ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં પ્રથમ આવો નિર્ણય આવવો જોઈએ; ત્યારે તો તેને ધર્મનું પહેલું સોપાન કહેવામાં આવે છે; બાકી બધું થોથે થોથાં છે. ૧૭.

* ભાઈ! 'કરવું...કરવું...' એ રાગ છે ને રાગનું કરવું એ આત્માનું 'મરવું' છે. સમયસારના નિર્જરા-અધિકારમાં કહ્યું છે: સમ્યગ્દૃષ્ટિ જીવને નિયમથી જ્ઞાન ને વૈરાગ્ય—એ બે શક્તિ હોય છે. ચોથા ગુણસ્થાને પણ સ્વરૂપના જ્ઞાનની ને રાગના અભાવરૂપ વૈરાગ્યની અચિંત્ય શક્તિ પ્રગટેલી હોય છે. જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની જે ધારા પ્રગટે છે તેને ધર્મધારા કહેવાય છે, સાથે રાગ જેટલો રહી જાય છે તેને કર્મધારા કહેવાય છે. સાધકને હજી રાગ બાકી છે; તે રાગનું જ્ઞાન થાય છે ત્યાં રાગ જ્ઞાનમાં પેસતો નથી અર્થાત્ જ્ઞાનના સ્વરૂપમાં રાગ આવતો નથી. રાગ સંબંધીનું જ્ઞાન જે થાય છે તે રાગથી નહિ પણ પોતાથી થાય છે. ૧૮.

* અનાકુળ નિત્યાનંદનો નાથ જે સહજાત્મસ્વરૂપ નિજ જ્ઞાયક-ભગવાન, તેમાં જે આસક્ત થયો તેને રાગ ને પુણ્યના પરિણામની આસક્તિનો રસ તૂટી ગયો. આત્મા અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણોનો મહાસાગર છે. અસંખ્ય યોજનના વિસ્તારવાળા છેલ્લા સ્વયંભૂ-રમણસમુદ્રના તળિયે રેતી નથી, એકલાં રતનો ભર્યાં છે, એમ આ ચૈતન્યસ્વયંભૂમાં પુણ્ય-પાપના વિકાર નથી, પરંતુ અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્વચ્છતા, પ્રભુત્વ વગેરે અનંતાં રત્નો ભર્યાં છે. અહા! ચૈતન્યનાં અનંત રત્નોથી ભરપૂર સ્વયંભૂ એવા ભગવાન આત્માનું સ્વરૂપ એ શી ચીજ છે? જીવે એ કદી સાંભળ્યું નથી, જોયું

નથી. અનંતગુણભંડાર એવા ભગવાન આત્માની પાસે રાગનું કામ કરાવવું તે આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું છે. સ્વરૂપમાં જ આસક્ત થયો તેને બહારની આસક્તિ તૂટી ગઈ છે. ૧૯.

* બહારની જે આ, શરીર, વાણી ને કર્મના સંયોગની વિચિત્રતા દેખાય છે તે બધી ઇન્દ્રજાળ છે, પુદ્‌ગલની લીલા છે. અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર એવો જે નિજ ભગવાન આત્મા, એની જેને દૃષ્ટિ થઈ, એનો સ્વીકાર થયો અને એ કોઈ મોટી માહાત્મ્યવાળી ચીજ છે એવું અંતર સમ્યગ્દર્શનમાં જેને ભાન થયું, પ્રતીતિ થઈ, એવા જીવને —અહીં મુખ્યપણે મુનિને લીધા છે—સ્વરૂપની લીલા જાત્યંતર છે. અહા! જગતની—પુણ્ય-પાપની સામગ્રીની—લીલાથી આ ચૈતન્યની લીલા કોઈ અજબ-ગજબની છે. આ ભગવાન આત્મા પોતાના પૂર્ણસ્વભાવથી એકત્વમય અને રાગના વિકલ્પથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છે એવું જેને અંતરમાં ભાન થયું અને એ જ કરવા જેવું છે એવું જેને અંદરમાં થયું—તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ આવી ગયાં—તેની લીલા કોઈ અલૌકિક છે. ૨૦.

* આત્માના જ્ઞાનાદિ અનંત ગુણના વર્તમાન પરિણામ જે સૂક્ષ્મ છે—શુભાશુભ તો સ્થૂલમાં ગયા—તે પકડે નહિ તેને સ્વભાવ ક્યાંથી પકડાય? ત્રણ વાત લીધી છે: (૧) સ્થૂલ પરિણામ, (૨) સૂક્ષ્મ પરિણામ અને (૩) ત્રિકાળી સ્વભાવ. સ્થૂલ પરિણામ એટલે શુભાશુભ ભાવ. જેને તે ખ્યાલમાં ન આવે તે પોતાના સૂક્ષ્મ પરિણામને ક્યાંથી જાણે? જે, રાગાદિ રહિત પોતાના જ્ઞાનાદિ સૂક્ષ્મ પરિણામને પકડે નહિ તે ત્રિકાળી સ્વભાવને ક્યાંથી પકડે? જેને દયા-દાન, ભક્તિ આદિ તથા હિંસા-જૂઠ-ચોરી આદિ સ્થૂળ ભાવ જાણતાં ન આવડે તે પુણ્ય-પાપના રાગ વિનાની વર્તમાન સૂક્ષ્મ જ્ઞાનપર્યાયને કેમ જાણી શકે? જેને સૂક્ષ્મ જ્ઞાનપરિણામ અંદરથી પકડતાં ન આવડે, તેને સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી અખંડ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અવ્યક્ત સ્વભાવ તે કઈ રીતે પકડવામાં આવે? સ્વભાવ એટલે અરૂપી ચૈતન્ય, અને પર્યાય નામ સૂક્ષ્મ પરિણામ. સૂક્ષ્મ પર્યાયને પણ પકડતાં ન આવડે તે, પર્યાયની સમીપમાં અનંત કાળથી

અજ્ઞાતપણે રહેલા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને કેમ પકડે ? ૨૧.

* મુનિઓ જ્યાં જાગે છે ત્યાં ગૃહસ્થ ઊંઘે છે ને ગૃહસ્થ જ્યાં જાગે છે ત્યાં મુનિ ઊંઘે છે. ગૃહસ્થો રાગમાં જાગે છે ત્યાં મુનિ ઊંઘે છે—વીતરાગ થઈ ગયા છે. મુનિરાજને સ્વરૂપમાં જાગૃતિ છે. ભલે છઠ્ઠે ગુણસ્થાને આવે, મહાવ્રત આદિના પ્રમાદજનિત વિકલ્પ આવે, તોપણ ત્રિકાળી જ્ઞાન-દર્શનસ્વભાવને અવલંબીને પર્યાયમાં જ્ઞાતાદ્રષ્ટાપણાની જાગૃતિ ઉગ્ર પ્રગટ થઈ છે; તેથી તે, જાગની જ્યોત ચૈતન્યમાં જ બેઠા છે; નગ્નદશામાં કે પંચમહાવ્રતના વિકલ્પમાં એ બેઠા નથી. નગ્નદશા તો અજીવ શરીરની અવસ્થા છે, ને મહાવ્રત તો આસ્રવ છે. જાગતી જ્યોત અજીવ ને આસ્રવમાં રહી નથી. અહા ! મુનિરાજનું આવું સ્વરૂપ છે! ૨૨.

* પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે તે સમજવું જોઈએ. વસ્તુ-સામાન્ય શું છે ? વસ્તુની શક્તિઓ શી છે ? અને તેની બદલતી દશાઓ શી છે ? એ ત્રણેયની જેને ખબર નથી તેને ભેદજ્ઞાન—આત્મજ્ઞાન—થતું નથી. જ્ઞાની ધર્માત્માને દૃષ્ટિ ત્રિકાળી ચીજમાં—દ્રવ્યસામાન્ય ઉપર જ—સ્થિર રહે છે. ગુણો તેમાં છે, પરંતુ તે ગુણરૂપ વિશેષોનું પણ લક્ષ છોડીને ભેદ રહિત ને પર્યાય રહિત એવા દ્રવ્યસામાન્ય પર જ દૃષ્ટિ હોય છે. ૨૩.

* ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકાનુસાર શુભ રાગ આવે છે. તે ભલે આવે, પરંતુ અંદરમાં 'હું એકલો જ્ઞાયક છું' એવી એકાકાર પ્રતીતિરૂપ પરિણતિ તેને સદા નિરંતર રહ્યા કરે છે. 'નિરંતર' એટલે કે 'હું એકલો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક છું' એવી પ્રતીતિરૂપ પરિણતિ 'સદાય અતૂટપણે' બની રહે છે. બીજી ચીજ છે, રાગાદિ વિભાવ પર્યાયમાં ઉત્પન્ન થાય છે, તોપણ જ્ઞાની ધર્માત્મા સમજે છે કે હું અંતરંગમાં તેનાથી ભિન્ન છું. તેને એકાકીપણાની પ્રતીતિરૂપ પરિણતિ—દશા—અવસ્થા નિરંતર રહે છે. ૨૪.

* પરમાણુ જેમ પોતાના ગુણ વિનાનો ન થાય તેમ ચૈતન્ય અસ્તિ-સ્વભાવ આત્મા પોતાના ગુણસ્વભાવ વિનાનો કોઈ દી ન થાય. પર્યાયમાં

ભલે રાગાદિ થાઓ, પણ વસ્તુનો મૂળ સ્વભાવ પલટીને ગુણનો અભાવ થઈ જાય એમ કદી બને નહિ. પર્યાયમાં રાગાદિ થાય તે તો એક સમયની દશા છે; પણ ત્રિકાળી ચીજ જે ભગવાન આત્મા તે પલટીને અનંતજ્ઞાન, અનંતસુખ વગેરે પોતાના ગુણો વિનાનો કદી થતો નથી. પરમાણુ પલટીને વર્ણાદિ વિનાનો થાય? થાય તો પરમાણુ રહેતો જ નથી. એ પ્રમાણે વસ્તુસ્વભાવ કદી બદલાતો જ નથી. ૨૫.

* ભગવાન આત્મા રાગસ્વરૂપ તો છે જ નહિ. ભગવાન એમ કહે છે કે અમારું સ્મરણ કરતાં, અમારી ઉપર નજર કરતાં, તને જે રાગ થાય તે તારું સ્વરૂપ જ નથી. ચૈતન્યપ્રભુ તો નિર્મળ છે. અહા! આઠ આઠ વર્ષના ચક્રવર્તીના રાજકુમારો હોય, તેઓ પણ રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યને જુએ છે, સમ્યગ્દર્શન પામે છે. તેઓ આત્માનો વિશેષ અનુભવ કરવા માટે વનમાં ચાલ્યા જાય છે. એ રાજકુમારો કહે છે કે—આ બધો વૈભવ ને બહારની રમતો છોડીને અમે અમારી અંતર દશામાં રમવા જઈએ છીએ; અંદર આનંદનો કંદ એવો ચૈતન્યબાગ ખીલ્યો છે, તેને વધારે ખિલવવા માટે અમે સાધુ થઈએ છીએ. ૨૬.

* આત્માની જે જ્ઞાનપર્યાય વર્તમાન છે એ પર્યાય જ્ઞેયપદાર્થને જાણે છે. સ્વભાવ બાજુ જુએ તો ત્રિકાળી જ્ઞાયકને જાણે છે અને પર્યાય બાજુ જુએ તો રાગ વગેરે થાય તેને જાણે છે; કારણ કે જ્ઞાયકપ્રભુ તો જાણનાર....જાણનાર....જાણનારનું કામ કરે છે. જ્ઞાનમાં પ્રતિબિંબ કહ્યું, ત્યાં જ્ઞેય ચોજે જ્ઞાનમાં આવી જતી નથી; પણ જેવું સામે રાગાદિ જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે. રાગની અપેક્ષા રાખ્યા વિના, જ્ઞાનની પર્યાય સ્વપર-પ્રકાશકપણાના સામર્થ્યવાળી હોવાથી, જ્ઞાન પોતે પોતાની ઝળકમાં રાગાદિ જ્ઞેયને જાણે છે. 'જ્ઞેયને જાણે છે' એમ કહેવું તે, એ કથનમાં જ્ઞેયની—પરની—અપેક્ષા આવતી હોવાથી, વ્યવહાર છે. બહુ આકરું કામ, ભાઈ! શું થાય? જીવ અનંત કાળનો અથડાયેલો છે. ૨૭.

* આત્માનો સ્વભાવ ત્રિકાળી દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે, એનું આલંબન લેવાથી જે શક્તિરૂપે છે તે પર્યાયરૂપે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગરૂપે—બહાર આવશે. શુભાશુભ ભાવ કરીશ તો

કર્મનું ચિતરામણ થશે અને તેના ફળરૂપે બહારનું ચિતરામણ દેખાશે. હવે જો તારે સંવર-નિર્જરા કરવી હોય તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય—એ અનંત ચતુષ્ટયસ્વરૂપ ધ્રુવ આત્માનું આલંબન લે. એનું આલંબન લેતાં દ્રવ્યમાં જે શક્તિરૂપે છે તે વ્યક્તિરૂપે પ્રગટ થશે. ૨૮.

* અહા! સહજાનંદસ્વરૂપ ચીજ અંતરમાં જ્યાં ખીલી નીકળી, રાગ ને આત્માની એકતાના તાળાં માર્યાં હતાં તે જ્યાં ખોલી નાખ્યાં, રાગ ને આત્માને જ્યાં ભિન્ન પાડ્યા, સ્વરૂપ સાથે એકતા ને રાગથી વિભક્તતા થઈ, ત્યાં તેને ખજાનો ખૂલી ગયો. એ જીવ કદાચિત્ વિષયની વાસનામાં આવી ગયો હોય, છતાં અંદરમાં પૂર્ણાનંદનો નાથ જાગેલો હોવાથી બીજી ઘડીએ એ વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થઈ જાય છે. એના સ્વરૂપ-પરિણમનની લીલા કોઈ જાત્યંતર છે! ૨૯.

* દૃષ્ટિના વિષયમાં ઉત્પાદ, વ્યય નથી. દૃષ્ટિનો વિષય તો એક ધ્રૌવ્ય જ છે. દૃષ્ટિ કેવળ ધ્રુવ તત્ત્વ ઉપર હોવાથી નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે અને પૂર્વની મલિન પર્યાયનો વ્યય થાય છે. જેમ કાટવાળા લોઢાને છીણી મારવાથી કાટનો વ્યય ને ચમકનો ઉત્પાદ થાય છે તથા લોઢાપણે તો તે કાયમ રહે છે; તેમ ભગવાન આત્માને ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે ઉત્પાદ છે, પૂર્વની મલિન પર્યાયનો નાશ થાય છે તે વ્યય છે અને જેના પર દૃષ્ટિ છે તે કાયમ ટકવાવાળી ચીજ તે ધ્રૌવ્ય છે. ૩૦.

* પોતાના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન અને પરવસ્તુના રાગથી રહિતપણું—એમ ધર્મીને જ્ઞાન ને વૈરાગ્ય નામની બે શક્તિ હોય છે. અનાદિથી અજ્ઞાની આત્માથી વિરક્ત અને રાગમાં રક્ત છે. જ્ઞાની આત્મામાં રક્ત ને રાગથી વિરક્ત છે. આવી વાત છે બાપુ! બહારના સંયોગનો ત્યાગ કરીને જીવે અભિમાન કર્યું છે કે 'હું ત્યાગી છું'; પણ ભાઈ! જેના અવલોકનથી અંદર સાચો ત્યાગ—વૈરાગ્ય ને ઉદાસીનતા—પરિણમે છે એવા આ, જન્મ-મરણથી રહિત શાંત-શાંત ચૈતન્યચંદ્રની દૃષ્ટિ અનાદિ કાળમાં ક્યારેય કરી નથી. ૩૧.

* જુઓ તો ખરા! મુનિને પણ વ્રતાદિની વૃત્તિ આવે, એની ભૂમિકા પ્રમાણે વ્યવહારના વિકલ્પો હોય, પણ જેમાં ડૂબકી માર્યે શાંતિ ને આનંદ આવે એવો જે આનંદનો નાથ, અનાકુળ શાંતિનો સાગર ભગવાન આત્મા, તેમાંથી બહાર નીકળવું એને બોજો લાગે છે, બહાર નીકળતાં દુઃખ લાગે છે. જેણે ચૈતન્યપણું જ ધારી રાખ્યું છે, અતીન્દ્રિય આનંદ જ ધ્રુવપણે ધારી રાખ્યો છે તે સર્વોત્કૃષ્ટ ચૈતન્યધાતુમય પ્રભુનું જ્યાં જ્ઞાન થયું, તેની કિંમત થઈ, તેને બહારની બધી હોંશ ઊડી જાય છે. બહારમાં આવવું ભારે બોજો લાગે છે. જ્યાં અંદર આનંદધામ જ્ઞાયક-પ્રભુનું ભાન થયું ત્યાં શુભરાગરૂપ વ્યવહાર પણ, જાણે કે હળવી ચીજ ઉપર લોઢાના મોટા મણિકા મૂક્યા હોય તેમ, બોજો લાગે છે. જ્યાં સુધી સંપૂર્ણ વીતરાગ થયો નથી ત્યાં સુધી વ્યવહાર આવે પણ એ બોજો લાગે. ૩૨.

* આચાર્યદેવે સમયસારમાં કહ્યું છે કે અમારા ને પરના મોહના નાશ માટે આ ટીકા કરું છું. મારામાં જે અસ્થિરતાનો મોહ છે તે અનાદિનો છે, નવો નથી. અનાદિ એવા આત્મસ્વભાવનું નિર્મળ ભાન તો છે; પણ અવસ્થામાં જે અસ્થિરતાનો રાગ છે, તે 'છે'પણે દેખાય છે; તેના નાશને માટે—મારા પરિણામની, અનુભૂતિની પરમ વિશુદ્ધિ માટે—આ ટીકા કરું છું. ટીકા કરવાનો શુભ રાગ છે, પણ વસ્તુ પોતે રાગરૂપે રંગાયેલી નથી. અહા! ભગવાન આત્મા તો સદા સ્વભાવે નિર્મળ જ છે, તેને રાગના રંગ કદી અડ્યા જ નથી, વિભાવનો રંગ ચડ્યો જ નથી. ૩૩.

* આત્મા એક જ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે; પૈસા, વૈભવ, ચક્રવર્તીપદ, ઇન્દ્રપદ, દેવોને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે તે અમૃતનો આહાર વગેરે બહારની ચીજો કાંઈ સાર નથી; અંદર દયા, દાન વગેરેના શુભ વિકલ્પ આવે તે પણ સાર નથી; અરે! તેને જાણનારી એક સમયની પર્યાય છે તે પણ મૂળ સાર નથી. અહા! અંદર અનંત ગુણોનો બાદશાહ, જ્ઞાનાદિ અનંત ગુણનો નાથ ભગવાન આત્મા છે તે જ એક જગતમાં સર્વોત્કૃષ્ટ-સાર છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તેને પામ્યા વિના બધું થોથાં છે. મૂળ ચીજની ખબર ન મળે ને 'હું બ્રહ્મચારી થયો છું,

પડિમાધારી થયો છું ' એમ બહારનાં અભિમાન કરે! શું તું બહારના વિકલ્પવાળો થઈ ગયો છો? શું તું પરથી ને વિકલ્પથી જુદો અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા નથી? ૩૪.

* આત્માના જ્ઞાન વિના, વસ્તુની વ્યવસ્થા જેવી છે તેવી ખબર વિના, દયા, દાન વગેરે પુણ્યરાગને પોતાનો માની, જૂઠી દૃષ્ટિનું સેવન કરી, જીવ ચાર ગતિમાં રખડે છે. તે વિભાવમાં તન્મય થઈ જાય છે અને 'હું કોણ છું' તે ભૂલી જાય છે. અંદર નિર્મળાનંદનો નાથ ભગવાન આત્મા સુંદર-સુંદર છે, જેની સુંદરતા પાસે જગતની કોઈ સુંદરતા છે નહિ.—એવા સર્વાંગસુંદર ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ નથી, અને જે રાગાદિ વિભાવ થાય છે તેમાં તન્મય થઈ જાય છે. અરેરે! ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે! ધર્મી જીવને તો નિર્મળતાનું ભાન છે; રાગ આવે છે તેમાં તન્મય થતો નથી. ૩૫.

* ભગવાન આત્માના સ્વરૂપની લીલા જાત્યંતર છે. વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર, વીતરાગી આનંદ—અહા! આત્માની એ લીલા રાગની જાતથી બીજી જ જાતની છે. ભગવાન આત્માની સ્વરૂપ-લીલા એ જ ખરી લીલા. લોકો ઈશ્વરની લીલા કહે છે. અરે! એ લીલા ક્યાં હતી? જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણથી ભરેલો જે જ્ઞાયકપ્રભુ, એના સ્વરૂપની લીલા એટલે કે સ્વાશ્રિત દશા એ જાત્યંતર છે; રાગ ને અજીવની જાતથી આ જ્ઞાયક-લીલાની જાત જુદી છે. ૩૬.

* દિગંબર સંત મુનિરાજ વનમાં વિચરતા હોય છે; બહારમાં વાઘ ને સિંહની વચ્ચે બેઠા હોય છે ને અંદર આનંદની લહેરમાં પડ્યા હોય છે. કોઈ સિંહ શરીર ખાવા આવે તો મુનિને એવા ભાવ હોય છે કે શરીર મારું છે નહિ ને મારે તે જોઈતું નથી, એને જોઈતું હોય તો ભલે લઈ જાય.—એમ નિર્ભયપણે આત્માની સાધના કરતાં, ત્રાડ નાખતા વાઘ ને સિંહની વચ્ચે એકલા વનમાં બેઠા છે. શરીર તો ડગે નહિ, પરંતુ મન પણ ચળે નહિ એવી જેમની દશા છે એવા મુનિરાજને અંદરમાં સ્વરૂપની નિદ્રા આવી છે અર્થાત્ તે સ્વરૂપમાં—અતીન્દ્રિય આનંદમાં—સૂતા છે. જેમ કોઈ નિદ્રામાં ઘોરે છે તેમ તે મુનિરાજ સ્વરૂપ-નિદ્રામાં જામી ગયા છે. ૩૭.

* 'હું પરિપૂર્ણ શુદ્ધ છું' એવી દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે, અશુદ્ધ એવી મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી. ત્રિકાળી પવિત્રતાનો પિંડ પ્રભુ હું છું, અરે! હું પરમાત્મા જ છું એમ શુદ્ધનો સ્વીકાર કરવાથી પર્યાયની રચના શુદ્ધ જ થાય છે; કેમ કે પોતામાં વીર્ય નામનો ગુણ પડયો છે અને આખા ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો સ્વીકાર થતાં પરિપૂર્ણ વીર્યસ્વભાવનો સ્વીકાર પણ આવી ગયો તથા વીર્યગુણની પણ શુદ્ધ પર્યાય થવા લાગી. વીર્યગુણનું કાર્ય શું છે? વીર્યગુણનું કાર્ય સ્વરૂપની રચના કરવાનું છે. અહીં પણ 'રચના' શબ્દ આવ્યો છે ને? 'હું પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મા છું' એવો સ્વીકાર કરવાથી વીર્યગુણ વડે સ્વરૂપની રચના, પર્યાયની રચના શુદ્ધ જ થાય છે; કેમ કે આખા દ્રવ્યનો સ્વીકાર કરવાથી, તેમાં વીર્યગુણનો સ્વીકાર પણ ભેગો આવી ગયો અને વીર્યગુણના સ્વાભાવિક પરિણમન વડે શુદ્ધ પર્યાયની રચનારૂપ સ્વાભાવિક કાર્ય થવા લાગ્યું. દયા, દાન ને વિકલ્પની રચના કરે તે તેનો સ્વભાવ નથી, તે તો નપુંસકતા છે. જેમ નપુંસકને પુત્ર ન હોય, તેમ શુભભાવથી ધર્મની પ્રજા થતી નથી. સમયસાર શાસ્ત્રના અજીવ તથા પુણ્યપાપ અધિકારમાં કહ્યું છે કે જે જીવો શુદ્ધની દૃષ્ટિ કરતા નથી અને રુચિએ કરી શુભથી છૂટતા નથી તેઓ કલીબ—નપુંસક છે. શુભભાવના પ્રેમની રચના તો નપુંસકતા છે, તેને છોડી શુદ્ધસ્વભાવની રચના તે પુરુષાર્થનું કાર્ય છે. અહા! આવી વાત સાંભળવી કઠણ પડે! દૃષ્ટિમાં શુદ્ધ સ્વરૂપનો સ્વીકાર કરવાથી પર્યાયમાં ધર્મની રચના થાય છે. આ સિવાય લાખ, કરોડ ક્રિયાકાંડ કરે, વ્રત, તપ, ભક્તિ ને બ્રહ્મચર્ય પાળે, તે બધો રાગ છે; તે કોઈ આત્માની ધાર્મિક ક્રિયા નથી. ૩૮.

* આ ભગવાન આત્મા અંદર જ્ઞાન આદિ અનંત સંપદાનો નાથ, પૂર્ણાનંદ-પ્રભુ, એક સમયની પર્યાય તેમ જ ગુણના ભેદથી રહિત અખંડ, ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છે, તેને જેમ છે તેમ બરાબર શ્રદ્ધાનું શ્રદ્ધેય અને જ્ઞાનનું જ્ઞેય બનાવ. દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર એટલે કે દૃષ્ટિનો વિષય જે ભૂતાર્થ, સત્યાર્થ, ત્રિકાળી, ધ્રુવ જ્ઞાયકવસ્તુ છે તેને શ્રદ્ધામાં લે, તેને

જ્ઞાનનું જ્ઞેય અને ધ્યાનનું ધ્યેય બનાવ. અખંડ જ્ઞાયક ધ્રુવ પૂર્ણ વસ્તુની દૃષ્ટિ થતાં તે આખી ચીજ શ્રદ્ધાનો વિષય થાય છે, પણ તેથી કરીને દૃષ્ટિના વિષયભૂત તે ત્રિકાળી જ્ઞાયકચીજ વર્તમાન શ્રદ્ધા પર્યાયરૂપ થઈ જતી નથી. શ્રદ્ધાપર્યાયમાં આખા દ્રવ્યની પ્રતીતિ આવી, પણ ત્રિકાળી આખું દ્રવ્ય છે તે એક સમયની પર્યાયરૂપ થઈ જતું નથી. દૃષ્ટિ છે તે શ્રદ્ધાની પર્યાય છે, શ્રદ્ધાની પર્યાયમાં જ્ઞાયક પૂર્ણ વસ્તુની શ્રદ્ધા કર, અંદર જે અનંત ગુણની સંપદારૂપ ત્રિકાળી વસ્તુ છે તેનો પૂર્ણ સ્વીકાર કર. પૂર્ણાનંદના નાથને દૃષ્ટિનો વિષય બનાવી દે. ૩૯.

* આહાહા! ભગવાન આત્મા તો અમૃતફળોનું ઝાડ છે. કલ્પવૃક્ષમાંથી તો, જે અમુક ચીજ દેનારું કલ્પવૃક્ષ હોય તે જ ચીજ, તેને ચિંતવે તો મળે. અહીં આત્મામાં તો સંખ્યાએ અપરિમિત અનંત ગુણો ભર્યા છે; તે અનેક પ્રકારનાં મધુર ફળ દેનારા ચૈતન્યવૃક્ષ તરફ નજર કર ને! ત્યાં જો ને! ત્યાં જોવાથી અનેક પ્રકારનાં મધુર ફળ અને રસ તને મળશે અને તેથી તું તૃપ્ત તૃપ્ત થઈ જઈશ. વિષયની અભિલાષાથી ક્યાંય કદી તૃપ્તિ થતી નથી. તેનાથી તો, અગ્નિમાં ઘી હોમવાની જેમ, દુઃખના ભડકા થશે, પીડાની ધારા ચાલશે. અંદર શુદ્ધ આનંદકંદ, અમૃતથી ભરપૂર ભગવાન આત્મા છે, તેની દૃષ્ટિ કરવાથી, તેને જોવાથી ને તેમાં એકાગ્ર થવાથી શાંતિનું ફળ, વીતરાગતાનું ફળ આવશે. ૪૦.

* સાચો વૈરાગી તેને કહેવાય કે જેને પોતાના નિજ પદાર્થનું અવલોકન કરવાથી, પોતાના જ્ઞાનાનંદસ્વભાવની મહાનતા ભાસવાથી, પરથી સહજ ઉદાસીનતા થઈ જાય. પોતાનું અવલોકન કરે તેને પર પ્રત્યે વૈરાગ્ય સહજ ઉત્પન્ન થાય છે. જેને પોતાના અવલોકનની ખબર નથી અને સ્ત્રી, કુટુંબ વગેરે છોડી દે, સંન્યાસી થઈ જાય તે સાચો વૈરાગી નથી; તે પરનો ત્યાગી નથી પણ ધર્મનો ત્યાગી છે, કેમ કે તેણે આત્માનો ધર્મ અનાદિથી છોડી દીધો છે. ૪૧.

* સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને અતીન્દ્રિય આનંદ વગેરે બધું આ અખંડ દ્રવ્યના આશ્રયથી પ્રગટ થાય છે. જેમાં જે ન હોય તે તેમાંથી,

તેનાથી ને તેના આશ્રયથી આવતું નથી. રાગથી ને રાગના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં નથી. અહા ! આ તો સર્વજ્ઞ પરમાત્માની વાણી છે. એક વાર તો સાંભળ કે અંદર આ પ્રભુ શી ચીજ છે ! અખંડ દ્રવ્યના આશ્રયથી સ્વભાવની બધી વિભૂતિ પ્રગટે. અખંડ દ્રવ્ય કહેતાં તે સિવાય નિમિત્તનો આશ્રય તો નહિ, રાગનોય આશ્રય નહિ અને પર્યાયનો પણ આશ્રય નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય છે—એમ તો નહિ, પણ તેમની શ્રદ્ધાનો જે રાગ તેનાથી પણ નહિ; અરે! તે રાગને જાણવાવાળી જે વર્તમાન પર્યાય તેના આશ્રયથી પણ નહિ. ૪૨.

* ભગવાન આત્મા તો શાશ્વત તત્ત્વ છે, તે ક્યાં જાય ? ભવિષ્યમાં પણ અનંતકાળ રહેશે જ. ક્યાં રહેશે ? જો રાગ ને પુણ્યના પ્રેમમાં દૃષ્ટિ કરી તો મિથ્યાત્વમાં ને વિકારમાં દુઃખી થઈને રહેશે; અને જો આત્મા ઉપર દૃષ્ટિ ને પ્રેમ ગયો તો ભવિષ્યમાં આત્મામાં રહેશે, ક્રમે ક્રમે રાગનો નાશ થઈને કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? આત્મા એક શાશ્વત છે, બાકી બધું મેળા જેવું ક્ષણભંગુર છે. પ્રવચનસારમાં આવે છે ને—'ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે....શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, તેને બીજું કાંઈ પણ ધ્રુવ નથી....આ શુદ્ધ આત્મા એક જ ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે. રસ્તે ચાલતા મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની છાયા સમાન બીજા જે અધ્રુવ પદાર્થો તેમનાથી શું પ્રયોજન છે?' ૪૩.

* મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પચખાણ થાય છે. તીક્ષ્ણ જ્ઞાન તે પચખાણ. રાગ છોડું તો પચખાણ થાય એમ તું માને છે, પણ સ્વરૂપમાં રાગ થયો'તો જ કે દી કે તે છોડવો છે? રાગથી તો આત્મા નિવૃત્તસ્વરૂપ જ છે. એવા ત્રિકાળી સ્વરૂપને અવલંબીને ભવિષ્યનો પણ વિકલ્પ ન ઊઠો—એનો આશ્રય લઈને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાઓ!....નિવૃત્ત થાઓ! આત્મા મુક્તસ્વરૂપ જ છે એ જેના અનુભવમાં

આવી ગયું છે, મુક્તિની પર્યાય જેને હાથવેંતમાં છે, મુક્તિ તો જેમ
હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીખાશથી પચખા
થાય છે. ૪૪.

* મારું દ્રવ્ય તો અનાદિ-અનંત મુક્ત જ છે; મુક્તિ થશે એ
પર્યાયમાં થશે. હું જ્ઞાયક એક ચીજ છું. વસ્તુ છું ને? તત્ત્વ છું ને
તત્ત્વ 'છે' તેની શરૂઆત ક્યાંથી? 'છે' તે તો છે જ, તેનો અ
ક્યાં? એનો છેડો ક્યાં? જેની શરૂઆત નથી ને જેનો છેડો નથી એ
હું અનાદિ-અનંત મુક્તસ્વરૂપ જ છું.—આવી દૃષ્ટિ કરવી તે કલ્યાણ
કારણ છે. વ્યવહાર—શુભરાગ કરતાં કરતાં મુક્તસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયક
દૃષ્ટિ થશે એ મિથ્યાત્વનો ભાવ છે, અકલ્યાણનું મૂળ છે. ઝીણી વ
બહુ! ૪૫.

* ભગવાન જ્ઞાયક આત્મા સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદનું ધ્રુ
ધામ છે. કાયમ રહેવાવાળા તે જ્ઞાયકતત્ત્વને, ધ્રુવ જ્ઞાયકસ્વભાવને પરમા
સંવર, નિર્જરા કે મોક્ષ વગેરે કોઈ પર્યાયવેષ નથી. સંવર, નિર્જર
કેવળજ્ઞાન ને મોક્ષ વગેરે વ્યવહારભેખ છે. જ્ઞાયકભાવસ્વરૂપ મૂળ વ
તો અનાદિ-અનંત ધ્રુવ એકરૂપ 'અસ્તિ'વાળી, મોજૂદગીવાળી ચીજ
તેનો ભેખ તો એક જ્ઞાયકપણું જ છે, તેને પરમાર્થે એક જ્ઞાય
પણાનો જ વેષ છે, તેને સંવર, નિર્જરા, મોક્ષસ્વરૂપ પર્યાયોનો ભેખ નથ
કારણ કે ત્રિકાળી ધ્રૌવ્યમાં પર્યાયભેદ છે જ નહિ. ૪૬.

* નિર્મળ વિજ્ઞાનઘનસ્વરૂપ આનંદધામમાં જે અંતર્નિમગ્ન થ
છે એવા મુનિરાજને છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રત વગેરેનો વિકલ્પ ઊઠે
તે પ્રમાદ છે; એટલો રાગ પણ જગપંથ છે—સંસારપંથ છે; અને અંત
આનંદસ્વરૂપમાં જામી જવું, રાગ વિના નિર્વિકલ્પપણે અંદર રમ
એ શિવનો—મોક્ષનો મારગ છે અને એ જ શિવ—મોક્ષ છે. જેમ
પૂર્ણસ્વરૂપનાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ રમણતા વડે અં
સ્વાદમાં આનંદ આવ્યો છે એવા મુનિરાજને બહાર આવવું ગોઠતું
નથી. ૪૭.

* જેમ આકાશના ક્ષેત્રનો ને કાળના સમયોનો ક્યાંય અંત નથ

તેમ અનંતનો અનંતપણે ખ્યાલ કરવાવાળા આત્માના જ્ઞાનનો અંત નથી. પ્રભુ! તું એવા જ્ઞાન આદિ અનંત ગુણની સંપદાવાળો છો—એમ બતાવનારા ગુરુ મળ્યા; પણ તેની તેં દરકાર કરી નથી. જે મુખ્ય કર્તવ્ય છે તે કરતો નથી, ને બીજામાં ઘૂસી ગયો કે—'આ કરવું ને તે કરવું'. પોતાના આત્મા તરફના વિચાર કરવાનો અવકાશ પણ મળે નહિ. જીવ અંદરના તત્ત્વની વાત સમજે નહિ ને બહારના ક્રિયા-કાંડમાં લાગી જાય. આવું ખાવું ને આવું પીવું, નિર્દોષ આહાર લેવો —આહા! જીવ ત્યાં ને ત્યાં રોકાઈ ગયો! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એ મૂળ ચીજ છે તેને તો યાદેય કરતો નથી, ને શ્રદ્ધામાંય લેતો નથી. ગુરુ બતાવે છે તો તેને એની દરકાર નથી. 'એ હશે! કોઈ વાત કરતા હશે!—એમ કરીને કાઢી નાખે છે. વેપાર વગેરે પોતાની રુચિની ચીજ કોઈ બતાવે તો હોંશથી સાંભળે છે. 'આમાં પાંચ લાખ પેદા થશે'—એમ સાંભળતાં ખુશી ખુશી થઈ જાય છે. આહા! આત્મસ્વરૂપ બતાવનાર ગુરુ મળે તો તેની દરકાર નથી. ૪૮.

* ચૈતન્યધામનું—જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણની ખાણનું—સ્વરૂપ જેણે જોઈ લીધું તેને તે ધામમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે છે; તે બહાર આવી જાય, તેને શ્રવણ, પૂજા અને ભક્તિ વગેરેના વિકલ્પો આવે. પણ અંદર ચૈતન્યધામમાંથી જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે તેમાંથી એને બહાર નીકળવું કઠણ પડે છે. જેને ચક્રવર્તીનું રાજ હોય, ૯૬ હજાર રાણી હોય, ૧૬ હજાર દેવો સેવા કરતા હોય, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ ને ૯૬ કરોડ ગામ હોય એવા ચક્રવર્તી રાજા અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્ર લેવા વનમાં ચાલ્યા જાય છે, આ બધું એક ક્ષણમાં બળખાની જેમ છોડી દે છે. અહા! મારો પ્રભુ જે આનંદસ્વરૂપ છે ત્યાં મારે વસવું છે, એ મારું ધામ છે. અંદર આનંદધામ ચૈતન્યમહેલમાં બિરાજી રહેલાને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું બોજો લાગે છે. ૪૯.

* આત્માનો આશ્રય કરવો ને રાગનો આશ્રય છોડવો. 'સ્વમાં વસ ને પરથી ખસ.' ચાહે તો ભગવાનની ભક્તિ ને સ્મરણનો રાગ હોય,

પણ એ રાગથી ખસ, તેનાથી હઠ, પાછો વળ; કારણ કે માર્ગ વીતર
છે. સ્વભાવમાં વસ ને વિભાવથી ખસ; એ ટૂંકું ટચ, એટલું કરે તો બ
ઉપદેશમાં એનો બધો વિસ્તાર ને સ્પષ્ટીકરણ આવે. સંક્ષેપમાં અ
પ્રભુ વીતરાગસ્વરૂપ જ છે, એમાંથી વીતરાગતા પ્રગટે. જેને અંદર
જ્ઞાનની તાકાત પ્રગટ થાય છે તેને જ રાગના અભાવરૂપ વૈરાગ્યની સા
તાકાત પ્રગટે છે. જ્ઞાનની તાકાત વિના વૈરાગ્યની સાચી તાકાત પ્ર
થાય નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથા ગુણસ્થાને પણ આ સ્વરૂપજ્ઞાનની
રાગના અભાવરૂપ વૈરાગ્યની અચિંત્ય તાકાત પ્રગટેલી હોય છે. વીતર
જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે તે આ વાત છે. ભગવાન મ
વિદેહમાં આ વાત કરી રહ્યા છે. ૫૦.

* શ્રદ્ધા પૂર્ણ વસ્તુની થઈ છે તોપણ શ્રદ્ધાની એક સમયની વર્તમ
પર્યાયમાં આખી વસ્તુ આવી જતી નથી. ત્રિકાળી આખી વસ્તુ પર્યાય
કેવી રીતે આવે? ત્રિકાળી વસ્તુનું જેટલું સામર્થ્ય છે તેની પ્રતી
પર્યાયમાં આવી જાય છે. અહા! મૂળ ચીજ તો આ છે કે વસ્તુસ્વભાવ
યથાર્થ દૃષ્ટિ ને જ્ઞાન કરવું; પણ તેનો ક્યાં કોઈએ વિચાર કર્યો છે
આ લીમડાના એક એક પાંદડામાં અસંખ્ય શરીરો છે ને એક
શરીરમાં એક એક જીવ છે. દેખાય છે તે શરીર છે, પણ અંદર આત
શરીરથી ભિન્ન અરૂપી છે. અરે! આ જીવે પૂર્વે અનંત અવતાર
છે. પૂર્વના મા-બાપ મરીને ક્યાં ગયાં? એ ખબર છે તને? આત્મતત્ત્વ
ભાન વિના એ બધાં એકેન્દ્રિય આદિ ભવોમાં ભટકે છે. ૫૧.

* મુનિને અતીન્દ્રિય વીતરાગી આનંદનો સ્વાદ પ્રચુર હોય
સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને તે સ્વાદ થોડો હોય છે. સર્વાર્થસિદ્ધિના દે
જે એક ભવે મોક્ષ જવાના છે, તેના કરતાં પંચમ-ગુણસ્થાનવર્તી શ્રાવ
આનંદનો સ્વાદ વધુ હોય છે, અને મુનિને તો શ્રાવક કરતાં પણ ઘ
વધુ આનંદ હોય છે. દેહ જાય પણ માયા થાય ન રોમમાં—એવી સ
દશા થઈ ગઈ છે. ચોથે-પાંચમે, દેહ જાય પણ દેહ સાથે એકતાબુદ્ધિ થ
ન રોમમાં; જરા આસક્તિનો રાગ છે એટલો પ્રતિકૂળતામાં અણગ
આવી જાય છે. જ્ઞાનીને રાગ તથા અણગમો—બન્ને જ્ઞાનનું જ્ઞેય છે.

* ઘણાં શાસ્ત્રો વાંચી જાય, પણ સ્વભાવ ઉપર દૃષ્ટિ ન કરે તો શો લાભ થાય? માટે જ કહેવાય છે કે—'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' અહીં તો કહે છે કે તારે જન્મ-મરણનો અંત લાવવો હોય તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ સામાન્યતત્ત્વ છે તેના ઉપર દૃષ્ટિ લઈ જા. તેનાથી તારી દૃષ્ટિ સમ્યક્ થશે અને ભવનો અંત આવી જશે. આ વિધિ ને આ રીત હોય તો એક કે બે-ચાર ભવમાં મુક્તિ થઈ જશે. ૫૩.

* જેને અંદર જ્ઞાનાનંદમૂર્તિ ચૈતન્યપ્રભુની ઓળખાણ થઈ તેને એ આનંદની ખાણમાંથી બહાર આવવું ગોઠતુ નથી, ચૈતન્યના મહેલમાં બિરાજી ગયેલાને બહાર આવવું મુશ્કેલ પડે છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ધ્રુવ ચૈતન્યધામ ભગવાન આત્માનું જેને ભાન થયું છે તેને એ અતીન્દ્રિય આનંદની ખાણમાંથી બહાર આવવું કઠણ પડે છે. ધર્મીને અશુભભાવમાં તો દુઃખ લાગે, પણ શુભભાવમાંયે દુઃખ લાગે છે. ચાર શેર ઘી પાયેલો બદામનો મેસૂબ મળે અને બીજી સાધારણ ચીજ ગમે નહિ; એમ અંદર અતીન્દ્રિય આનંદનો મેસૂબ જેણે ચાખ્યો તેને તેમાંથી બહાર આવવું દુઃખ લાગે છે. આહા! ભારે વસ્તુ બાપુ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે, ને વસ્તુસ્વરૂપ પણ એમ જ છે. ૫૪.

* અહા! પ્રભુ તારી ચીજ જે અખંડ આનંદ ને અખંડ જ્ઞાયક છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન-પર્યાય તથા કેવળજ્ઞાન-પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી; કારણ કે એ તો પર્યાયનો ભેખ છે. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે, કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયકપદાર્થને નથી. અહા! સાંભળતાં રાડ નાખી જાય ને? ભગવાન! તારી ચીજ કેવી છે? બાપુ! તને ખબર નથી. અરે! પરમાણુ જેવી નાનામાં નાની ચીજમાં પણ એવી ધ્રુવરૂપ અનંત શક્તિ છે કે જે ધ્રુવરૂપ શક્તિમાં પર્યાયનો પ્રવેશ નથી. ૫૫.

* અનાદિથી રાગની એકતામાં જે ઊંઘતા પડ્યા હતા તે હવે, રાગની ભિન્નતા કરીને, અંદર જ્ઞાન ને આનંદમાં જાગીને, જાગતા જીવે છે. જાગતો જીવ--જ્ઞાયક પર્યાયમાં જાગતો ઊભો છે. સમયસારની પાંચમી

ગાથાની ટીકામાં ત્યાં સુધી લીધું છે કે—જેમ અરિહંત છે તે નિર્મ
વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે, તેમ અમારા ગુરુ–મુનિ પણ વિજ્ઞાનઘન
નિમગ્ન છે. દેવ અને ગુરુ બેઉ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે તેથી એ
અપેક્ષાએ બન્ને સરખા છે. અહા! આવી મુનિદશા છે! કાયર
કામ નથી. ૫૬.

* મુનિનો ભાવવેશ, ભાવલિંગ, ભાવભેખ શો છે? આત્માનું રા
રહિત પ્રચુર સ્વસંવેદન. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં 'નિ
વૈભવ'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે: નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતે
સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન
તેનાથી જેનો (–નિજ વૈભવનો) જન્મ છે. સમકિતી ધર્માત્માને પ
પહેલી ભૂમિકાનો અતીન્દ્રિય આનંદ અંશે આવે છે, પણ મુનિને ત
પ્રચુર આનંદ આવે છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે
'જ' કહીને અબાધિત નિયમ—સમ્યક્ એકાંત—કહ્યો છે. અંદરમ
આનંદનું ઘણું વેદન વર્તવું તે, મુનિનો, બાહ્ય નહિ પણ અભ્યંત
ભેખ છે. બાહ્યમાં નગ્નપણું તથા પંચમહાવ્રત વગેરેના વિકલ્પો હોય છે
આવું પ્રચુર સ્વસંવેદન હોય ને બહારમાં વસ્ત્રસહિતપણું હોય એમ ક
બને નહિ. વસ્ત્રરહિતપણું ને પંચમહાવ્રતના વિકલ્પ એ કાંઈ મુનિને
પરમાર્થ ભેખ નથી, એ તો બાહ્ય નિમિત્ત છે. એવાં નિમિત્ત હોય છે
પણ તેમાં તેમનું પ્રચુર સ્વસંવેદન રહ્યું છે—એમ નથી. પ્રચુર સ્વસંવેદન તે
મુનિના અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ જે પુષ્કળ વેદન છે, તે છે ૫

* ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો મોટો દરિયો છે. એનો જ
આશ્રય કરીશ, એનું જે આલંબન લઈશ, તો મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે
—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદની નિર્મળ દશાઓ તને પ્રગ
થશે. પુણ્ય કેમ થશે ને પછી પૈસા કેમ મળશે–એવી ધૂળની વાતો નથ
લીધી. એવું તો અનંતવાર થયું છે ભાઈ! તારામાં આનંદની અનંત
લક્ષ્મી પડી છે ને પ્રભુ! એનો આશ્રય લે, એને પડખે જા, એના સામુ
જો, તો તને મંગળ પર્યાયો—આનંદની દશાઓ—પ્રગટશે; કેમ કે તુ
પોતે અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છો. ૫૮.

અહા ! જીવને શ્રદ્ધાના સુધારનો મહિમા લાગતો નથી; પણ પ્રભુ ! શ્રદ્ધાનો સુધાર એ જ મૂળ ચીજ છે. જીવે અનાદિ કાળમાં સમ્યગ્દર્શન-સ્વરૂપ શ્રદ્ધાનો સુધારો કદી કર્યો જ નથી. લોકોને આ મૂળ વસ્તુની ખબર પડતી નથી એટલે બહારના ત્યાગ કરે, પડિમા ધારણ કરે, પણ એ તો બધો રાગ છે, ને સ્વરૂપસ્થિરતા તો અંદરમાં અરાગ દશા થાય તે છે. અંદરની રમતોમાં રમતા હોય ત્યારે મધ્યમ ભૂમિકામાં વ્રતાદિના વિકલ્પ ઊઠે; પણ હજુ મૂળ શ્રદ્ધાનાં ઠેકાણાં નથી ત્યાં વ્રત ને પડિમા લાવ્યા ક્યાંથી? અંદર ખોટી શ્રદ્ધાના જે સંસ્કાર છે તેને સુધારવા જોઈએ, મિથ્યાત્વના સંસ્કાર નાશ કરવા જોઈએ--એ સ્વરૂપની તો એને ખબર પડતી નથી, અને રાગને જરા મંદ કરીને વ્રત ધારણ કરે, પડિમા ધારણ કરે, એ શું આગળ વધ્યો કહેવાય? ધૂળમાંય એ આગળ વધ્યો નથી. ૫૯.

* જેમ આંબે કેરી આવે તેમ અંદર ચૈતન્યવૃક્ષમાં અનંત જ્ઞાન, અનંત આનંદ વગેરે અમૃત ફળે છે. આહાહા! અમૃતસાગર ભગવાન આત્મા મૃતક-કલેવરમાં મૂર્છાઈ ગયો છે. પ્રભુ! અમૃતના ફળનું ઝાડ તારી પાસે છે. એમાંથી રાગ પાકે એવું તે ઝાડ નથી; પરંતુ શરીરની આડમાં તને તે દેખાતું નથી અને રાગના પ્રેમમાં તે અમૃતવૃક્ષની ઓળખાણ થતી નથી. વૃક્ષમાં જેટલું પાણી સિંચે તેટલું ફળ આવે, તેમ ચૈતન્યવૃક્ષમાં જેટલી એકાગ્રતા કરે તેટલું અમૃતનું ફળ આવે. જેમાં જ્ઞાન ને આનંદનાં અમૃતફળ લાગે છે એવા ચૈતન્યવૃક્ષને અંદરમાં જો તો તને તે મીઠાં અમૃતફળ મળશે અને તું તૃપ્ત તૃપ્ત થઈ જઈશ. ૬૦.

* સમ્યગ્દષ્ટિ જીવે અતીન્દ્રિય આનંદના ધામને—ધ્રુવ જાગતા ચૈતન્યધામસ્વરૂપ દ્રવ્યસ્વભાવને—અંદર ઓળખી લીધેલ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;'—એવા ધ્રુવ આત્માનું જેને જ્ઞાન થયું છે તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા, અંતર આનંદના નાથમાં દૃષ્ટિ એવી જામી ગઈ કે બહાર આવવું એને ગોઠે નહિ. એને દેવ-ગુરુ પ્રત્યેના, વાણીશ્રવણના, પુણ્ય ભાવમાં આવવું એ પણ બોજો લાગે. ૬૧.

* પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં આવે છે કે ગુરુ શિષ્યને દીક્ષા—પંચમહાવ્રત ને નગ્નપણું વગેરે—આપે છે. એ ચરણાનુ-

યોગની વિધિમાં એવું નિમિત્તનું કથન આવે છે. ઇષ્ટોપદેશમાં કહ્યું છે કે તું તારો ગુરુ છો. નિમિત્ત તરીકે સમજાવવાવાળા ગુરુ છે, પરંતુ સમજવાવાળો તું પોતે જ તારો ખરો ગુરુ છો. તને તેં સમજાવ્યો માટે તું તારો ગુરુ. **आत्मैव गुरुरात्मनः** । નિશ્ચયથી તો આમ છે. બહારમાં નિમિત્ત તરીકે ગુરુ હોય, દેશના હોય, પણ એ બધાં બહારનાં બારદાન—કોથળા—છે, માલ તો અંતરમાં છે. અનંત ગુણનો માલ, અનંત ગુણની અનંત પર્યાયો પ્રગટે એવો માલ, અંદર અખંડ ચૈતન્યદ્રવ્યમાં ભર્યો પડ્યો છે. તેના આશ્રયથી અંદર બધું—સમ્યગ્દર્શન વગેરે—પ્રગટ થાય છે, નિમિત્તના આશ્રયથી નહિ, વ્યવહારના આશ્રયથી નહિ અને પર્યાયના આશ્રયથી નહિ ત્રિકાળી ભગવાન પ્રભુ બ્રહ્માનંદ એવું જે અખંડ આત્મ-દ્રવ્ય તેના આશ્રયથી બધું થાય છે. ૬૨.

* મુનિરાજને વીતરાગતા ફાલીફૂલી છે; જેમ ફૂલની કળી ખીલી નીકળે તેમ વીતરાગતા ખીલી નીકળે છે. શ્રેણિક રાજાએ યશોધર મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો; કરોડો કીડીઓ ચડીને શરીર ફોલી ખાધું. એવા ઉપસર્ગ વખતે મુનિ ખેદાતા નહોતા, પણ અંદર વીતરાગી આનંદમાં રમતા હતા. ચેલણા રાણી કહે—જુઓ, અમારા જૈનના ગુરુ આવા હોય છે. અંદર આનંદની મસ્તીમાં ઉપસર્ગ પ્રત્યે લક્ષ જ દેતા નથી. એકદમ અંદર અતીન્દ્રિય આનંદપરિણતિમાં ધસી ગયા છે. શ્રેણિક રાજાને એમ થયું કે—અહો ! જૈન ધર્મ આવો ! પછી, મુનિએ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું ને શ્રેણિકે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. પછી મહાવીર ભગવાનના સમોસરણમાં તીર્થંકર-નામકર્મ બાંધ્યું. મુનિને ઉપસર્ગ આપવાના પ્રસંગે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું, તેમાં સમ્યગ્દર્શનના પ્રતાપે ફેરફાર થઈને તેત્રીશ સાગરની સ્થિતિ ઘટીને પહેલી નરકમાં ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ રહી. અત્યારે તે પહેલી નરકમાં છે ત્યાંથી નીકળીને આવતી ચોવીશીના પહેલા પદ્મનાભ તીર્થંકર થશે. અહા ! સમકિતનો પ્રતાપ કોઈ એવો છે ! લોકોને એની કાંઈ ખબર નથી, કિંમત નથી, અને બહારની ક્રિયામાં 'આ કર્યું, તે કર્યું' એમ મિથ્યાત્વને પોષે છે. અહીં તો કહે છે કે મુનિરાજને પ્રતિકૂળતામાં ખેદ નથી અને અનુકૂળતામાં ખેંચાણ નથી. ૬૩.

* મુનિરાજનો આહાર પણ સ્વરૂપ જ છે. બહારનો ખોરાક એમનો આહાર નથી, એમને તો અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. ઋષભદેવ ભગવાને મુનિદશામાં પ્રથમ છ મહિનાના ઉપવાસ કર્યા ત્યારે આહારનો વિકલ્પ પણ આવ્યો નહિ; પછી આહારનો વિકલ્પ આવ્યો, ભિક્ષા માટે જાય પણ મળે નહિ, લોકોને આહારદાનની વિધિ કાંઈ આવડે નહિ, ભગવાનને વિકલ્પ તૂટી જાય અને તેઓ અંદરમાં—આનંદના ખોરાકમાં—ચાલ્યા જાય. છ મહિના બીજા વીતી ગયા. લોકોને થાય કે ભગવાન આ બધું કેમ લેતા નથી? પણ ભગવાન દુ:ખી નહોતા, ત્રણ લોકના નાથ એ તીર્થંકરદેવ અંદર અતીન્દ્રિય આનંદના કોળિયા-ગ્રાસ જમતા હતા. બહારના આહારના કોળિયા તો જડ ને પરવસ્તુ છે, એને આત્મા લઈ શકતો નથી, ખાઈ શકતો નથી. મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. આ વાત જગતને આકરી પડે, કેમ કે કોઈ દિવસ સાંભળી ન હોય. ૬૪.

* પ્રભુ! પુણ્ય-પાપના રાગમાં તું ભુલાઈ ગયો છો; એ તારું સ્વરૂપ નથી; તું દુશ્મનમાં ભેળાઈ ગયો છો, ત્યાંથી પાછો વળ. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ તારું સજ્જનતાપૂર્ણ કુટુંબ અંદરમાં પડ્યું છે. આઠ વર્ષનાં બાળકોને પણ—હજી નિશાળનું ભણતર પણ માંડ શરૂ થયું હોય—આ વાત સાંભળતાં રુવાંટાં ખડાં થઈ જાય, આત્મામાં ફેરફાર થઈ જાય કે અહા! જે ભણવાનું હતું તે ભણાઈ ગયું. ભગવાન આત્મા વિકલ્પથી પણ ન્યારો છે—એવું જે ભણતર અંદર થયું તે કેવળજ્ઞાનને લાવશે. આ કર્મનિમિત્તક વિકલ્પો આત્માથી અત્યંત જુદા છે. તારું દ્રવ્ય રાગરૂપ થઈ ગયું નથી, કેમ કે બન્નેમાં સ્વભાવભેદ છે. દયા, દાન આદિના વિકલ્પ તો અચેતન છે, અને પ્રભુ! તું તો ચેતન છો. ચેતન અચેતન કેમ થાય? અહા! વસ્તુસ્વરૂપ આવું છે. ૬૫.

* આ ભગવાન આત્મા નિર્મળાનંદનો નાથ છે, જ્ઞાન આદિ અનંત ગુણથી ભરેલો ચૈતન્ય-હીરલો છે. એ નિર્મળતાના ભંડારને ઓળખ, તેની સાચી સમજણ કર, તો એક પછી એક નિર્મળ પર્યાયનો સમૂહ પ્રગટ થશે. પાણીના પૂરમાં જેમ પાણીનું દળ જ દેખાય તેમ જેણે રાગથી ભિન્ન આત્માને જોયો, જેને નિર્મળતાનો મહાન ભંડાર પ્રતીતિ

ને અનુભવમાં આવ્યો, તેને નિર્મળતાની પર્યાય એક પછી એક પ્રગટશે, આનંદની ધારા તેને વહેશે. ૬૬.

* અજ્ઞાનરૂપી રોગ—સંસારરૂપી રોગ—આત્માની પર્યાયમાં છે 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. હું તો ચિદાનંદપ્રભુ, નિત્યાનંદ, અવિનાશી, સહજાત્મસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છું. પર્યાયમાં ભ્રાન્તિરૂપ સંસારરોગ છે તે મારી ચીજ નથી. શરીરના રોગ તો મારામાં છે જ નહિ. પરંતુ 'રાગ મારી ચીજ છે' એવી જે ભ્રાન્તિ છે, રાગ છે, દુઃખ છે તે પણ માત્ર મારી પર્યાયમાં જ છે. સંસાર-રોગ માત્ર બદલતી પર્યાયમાં જ છે તેથી તેનો નાશ થઈ શકે છે; ત્રિકાળી જ્ઞાયકવસ્તુમાં હોય તો કદી નાશ થાય નહિ ૬૭.

* આત્માનો અનુભવ કરવો તે માર્ગ છે. જીવે તે ક્યારેય કર્યો નથી; અજ્ઞાન કરી ચાર ગતિમાં જીવ રખડે છે. શાસ્ત્રનું જ્ઞાન કરે તે પણ, આત્માના અનુભવ વિના, અજ્ઞાન છે. આત્માનું જ્ઞાન કરવું તે જ જ્ઞાન છે. આગમનું જ્ઞાન હોય છે, પણ સ્વલક્ષી થઈને હોય તો તે વાસ્તવિક આગમજ્ઞાન કહેવામાં આવે છે. પ્રવચનસારમાં '**आगमचेट्ठा तदो जेट्ठा**'—આગમપ્રવર્તન મુખ્ય છે, એમ કહ્યું છે. પરંતુ આગમચેષ્ટા કહેવી કોને? પોતાના સ્વરૂપનું લક્ષ કરીને જે આગમનો અભ્યાસ કરે છે તે ચેષ્ટા '**जेट्ठा**'—જ્યેષ્ઠ–શ્રેષ્ઠ છે. આત્માના લક્ષ સિવાય જેટલું શાસ્ત્રનું ને બહારનું જાણપણું કરવું તે તો જ્ઞાનનું નીચપણું છે, હલકાપણું છે. ભગવાન આત્મા કોણ છે ને કેવો છે, તેના ભાન વિના બધું જાણપણું અજ્ઞાન ને પાખંડ છે. પરના જાણપણામાં તો જ્ઞાન રોકાઈ જાય છે, દબાઈ જાય છે; રાગીને રાગ ઉત્પન્ન થાય છે. ૬૮.

* જે કોઈ પ્રાણીઓ શુભ-અશુભ એ બન્નેમાં ભેદ–વિશેષ–તફાવત માને છે—શુભ ઠીક ને અશુભ અઠીક એમ માને છે--તેઓ, મોહથી મલિન ચિત્તવાળા વર્તતા થકા, ઘોર અપાર સંસારમાં ભમે છે, નરક ને નિગોદ વગેરેમાં પરિભ્રમણ કરે છે. પુણ્ય-પાપ બન્ને સામાન્યપણે દુઃખનાં કારણો છે. પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે કે શુભ અને અશુભ ભાવમાં

કોઈ ફેર નથી; બન્ને બંધનાં કારણ, દુઃખનાં કારણ ને આકુળતાનાં કારણ છે. શુભભાવ પણ પોતાનું સ્વરૂપ નથી ને લાભનું કારણ નથી—એવું નહિ માનીને જે શુભ-અશુભમાં ભેદ પાડે છે, વિશેષ માને છે તે ઘોર અપાર સંસારમાં ભમશે ભાઈ! ભારે આકરું કામ! ૬૯.

* ચોરાશી લાખ યોનીના અવતાર કરીને જીવ દુઃખી–દુઃખી થયો એનો કદી વિચાર કર્યો નથી, નરકનાં દુઃખ કરોડો ભવે પણ ન કહી શકાય–એમ ભગવાન કહે છે. આત્માનું જ્ઞાન કર્યા વગર એ બધાં દુઃખ અનંત વાર પામ્યો. નરકમાંથી પશુમાં ને પશુમાંથી મનુષ્યમાં કે દેવમાં ઊપજ્યો. અહીં એક સામાન્ય જાણવાની વાત છે કે—કોઈ વખતે એક સમયમાં અસંખ્ય સમકિતી દેવમાં ઊપજે; પણ તેઓ સરખી સ્થિતિએ ન ઊપજે; ઊપજે તો સાથે સ્થિતિ પૂરી કરીને ક્યાં જાય? કેમ કે સમકિતી દેવ મરીને મનુષ્યમાં જ જાય; અને એક સમયે દેવો મરીને મનુષ્યમાં અસંખ્ય ન આવી શકે, ગર્ભજ મનુષ્યો કુલ સંખ્યાત જ હોય છે. સમકિતી પશુ સ્વર્ગમાં એકસાથે અસંખ્ય જાય. સ્વર્ગમાંથી કોઈ સમયે અસંખ્ય મિથ્યાત્વી દેવો તિર્યંચમાં જાય, કારણ કે ગર્ભજ મનુષ્ય તો સંખ્યાત જ હોય છે; તો અસંખ્ય દેવો નિકળીને જાય ક્યાં? દેવમાંથી સીધા નરકમાં તો જાય નહિ. મનુષ્યમાં આવે તો સંખ્યાત આવે....અહા! અખંડ દ્રવ્યના આશ્રય વિના આ રીતે જીવ અનાદિથી રખડે છે; અખંડ દ્રવ્યસ્વભાવને ઓળખી તેનો આશ્રય કરે તો રખડવાનાં દુઃખથી છૂટકારો મળે. ૭૦.

* સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી પીડિત હે મુસાફર! તું વિષયોને માટે કેમ તરસે છે? એ બધું ઝેર છે. અંદર શાંતિ ને સુખનું નિધાન એવી જે પોતાની ચીજ છે તે તરફ ઝુકાવ કેમ કરતો નથી? વિષયો માટે તું વલખાં કેમ મારે છે! ત્યાં તારી ભૂખ શાંત થાય એવું નથી. બહારનું આટલું ભોગવું તો શાંતિ થશે એ તારો ભ્રમ છે. બહારના ભોગથી ત્રણ કાળમાં શાંતિ થતી નથી. ૭૧.

* શરીર રોગની, વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ અષ્ટપાહુડમાં કહે છે: એક તસુ જેટલા ભાગમાં ૯૬ રોગ, તો આખા શરીરમાં

કેટલા ? શ્રીમદ્ રાજચન્દ્રે કહ્યું છે : ' શરીર વેદનાની મૂર્તિ છે. ' દાક્તરોને પણ શરીરમાં કયો રોગ છે તે પકડમાં આવતું નથી; તેઓ અનુમાન કરીને કહે છે. રોગો પૌદ્‍ગલિક છે, શરીરના છે; જડનો રોગ આત્મામાં છે જ નહિ, આત્માથી સર્વથા ભિન્ન છે. તાવ આવે, કેન્સર થાય, હૃદયના હુમલા આવે તે બધા શરીરના, પુદ્‍ગલના, જડના રોગો છે, પ્રભુ! એ રોગો તારા નથી, તારામાં નથી. તું તો અંદર અશરીરી ચેતન છો ને! જ્ઞાન, આનંદ આદિ સ્વભાવોના પિંડ એવો આ ભગવાન આત્મા શરીરના રોગોથી સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન નહિ, પરંતુ સર્વથા ભિન્ન છે; કેમ કે રોગ તો પુદ્‍ગલની શરીરની પર્યાય છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણમય છે; અને ભગવાન આત્મામાં તો સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે જ નહિ; તે તો અરૂપી છે. ૭૨.

* નિજ આત્મા જ એક સાર છે તો તે સિવાયનાં બધાંની ચિંતા અસાર છે. શરીર આદિ જેટલા બાહ્ય પદાર્થ, રાગાદિના પરિણામ, દયા-દાન વગેરે તથા પુણ્ય-પાપના વિકલ્પ—એ બધાં નિઃસારની ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર, અંદર અંતર્મુખ થવાનો પ્રયત્ન કર, જેથી સારમાં સાર એવા નિજ આત્માનો પત્તો લાગી જાય. વ્યવહાર-રત્નત્રયની પણ ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ' જ ' કહીને એકાંત નિયમ બતાવ્યો—આત્માની જ ચિંતા, બીજાની નહિ. ૭૩.

* પૂર્વના પુણ્યના કારણે સાંભળવાની દશા મળી, સત્પુરુષ મળ્યા, હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યારે કરીશ પ્રભુ? અત્યારે નહિ કર તો કયા ભવે કરીશ? હમણાં નહિ, હમણાં નહિ; પછી કરશું, પછી કરશું; તો એ સદા પછી જ રહેશે—કદી પણ કરી શકશે નહિ. શાસ્ત્રમાં તો એવા શબ્દ છે કે ' આજ જ કર '. ' અમે તને આત્મા અને દેહ ભિન્ન કરી બતાવ્યો; રાગ અને કાયા આત્માથી ભિન્ન બતાવ્યાં; હવે એવો કોણ જીવ છે કે આત્માને ન પામે?! ' અહા! દિગંબર સંતોની વાણી! એની આગળ બીજા ભરે પાણી. આવી વાણી છે! હવે પુરુષાર્થ નહિ કરે તો ક્યારે કરશે? કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર. અહા! અંદર આનંદસ્વરૂપ ભગવાન છે, તેના તરફનો પ્રયત્ન કર. શુભ રાગ

અને પર્યાયબુદ્ધિમાં અટકયો છે એ છોડ. અનંત ગુણનો રાશિ, ચૈતન્ય મહાપ્રભુ અંદર બિરાજે છે એના તરફનો હવે તો પુરુષાર્થ કર. આવું સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષો ફરીફરી નહિ મળે. સ્વરૂપને તું લે. અનંત કાળે જે યોગ મળે તે યોગમાં નહિ કરે તો કયારે કરીશ? ૭૪.

* જીવ અનાદિનો રખડે છે. મોટા મોટા શેઠિયા પરનાં અભિમાન ને મમતાની મૂર્ચ્છામાં મરીને ઢેઢગરોળીની કૂખે અવતરે; કારણ કે અંદર ધર્મની ખબર નથી પોતાનો આત્મા શી વસ્તુ છે તે સાંભળવાનું મળે, એવો સારો સત્સમાગમ મળે—એવું પુણ્યેય નથી. કોક વખત સાંભળવા જાય ત્યાં, વ્રત, તપ ને ભક્તિથી—બાહ્ય ક્રિયાકાંડથી—ધર્મ થશે એમ કહી કુગુરુ તેના કલાક લૂંટી લે. સંસારમાં પાપનાં કામમાં વખત ગૂંચાતો 'તો, અહીં આવ્યો તો ધર્મના નામે શુભ રાગમાં છેતરાઈ ગયો. અહા! કામ આકરું બહુ, બાપુ! અરીસાનાં જેમ તું જાતિએ સ્વચ્છ જ છો, વિકલ્પથી રહિત આનંદઘન પ્રભુ છો, સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવના આ પોકાર છે. અનંત તીર્થંકરોનો અનાદિથી આ જ ઉપદેશ છે. ૭૫.

* અહા! જન્મ-મરણનાં, ચોરાશી લાખ યોનિનાં દુઃખોથી ઊગરવા માટે આ વાત છે. પરને પોતાનું માની, પોતાના સ્વરૂપનો અનાદર કરી, પ્રત્યેક યોનિમાં જીવ અનંત વાર ઊપજ્યો. માતાના ગર્ભાવાસમાં અનંત વાર વર્ષો સુધી રહ્યો. માતાના પેટમાં નવ મહિના રહે તે તો સાધારણ છે, પણ શાસ્ત્રમાં આવે છે કે કોઈ કોઈને ગર્ભની કાયસ્થિતિ બાર બાર વર્ષની હોય છે. અરે! એ સ્થિતિ કેવી હશે પ્રભુ? જન્મ-મરણના દુઃખથી ઉદાસ થઈ જા અને તું અતીન્દ્રિય આનંદનો રસકંદ છો, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ ને અનંતશાંતિથી ભરપૂર ભર્યો પડયો છો—એમ પોતાને પોતાથી જાણ. ૭૬.

* તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો. તું એકલો જ મોક્ષ જનાર છો; માટે તું આત્મદર્શન પ્રગટ કર. ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર, તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. આહાહા! આ તો પંખીના મેળા જેવું છે ભેગાં થયેલાં બધાં વિખૂટાં પડી જશે. ૭૭.

— * —

(તા. ૧૦-૮-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

જેમના મંગલમય તેમ જ કલ્યાણકારી અભ્યુદયથી આ શતાબ્દી 'અધ્યાત્મયુગ'ન રૂપમાં પ્રસિદ્ધ થઈ તે આપણા સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદે શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મવૃદ્ધિકારી પ્રતાપથ તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણી પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત નિયમિત ચાલી રહી છે. પ્રાત પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચા આદિની ઓડિયો-ટેપ, જિનેન્દ્ર દર્શન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર પર (૧૫મ વખતનું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાય સંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ બપો શ્રી પ્રવચનસાર પર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, પૂજ્ય બહેનશ્રીના સાધનારૂમમાં સ્તુ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પર ટેપ પ્રવચન — ઈત્યા કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

## 卐 પ્રૌઢ ધાર્મિક શિક્ષણ વર્ગ 卐

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૭મી જન્મજયંતીના ઉપલક્ષ તા. ૨૫-૭-૯૦ થી તા. ૮-૮-૯૦ — ૧૫ દિવસ માટે રાખેલ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવ અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક અભ્યાસ તથા સંચાલનની દૃષ્ટિએ સુચારુ રહ્યો. પ્રતિવર્ષ અનુસાર શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ એમ બે કક્ષા ચલાવી હતી ઉત્તમ વર્ગમ સવારે સમયસાર પૂર્વરંગ (શ્લોક ૪, ૫, ૬, ૭ અને ગાથા ૧૩) પર તથા બપો મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધિકાર (નિશ્ચય-વ્યવહાર નયાભાસાવલમ્બીનું સ્વરૂપ તથા મધ્યમ વર્ગમાં સવારે 'જૈન-સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા' પર અને સાંજે છ ઢાળ (ત્રીજી ઢાળ) પર શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઉત્તમ વર્ગ બ્ર. શ્રી ચન્દુભાઈ ઝોબાલિયા તથા મધ્યમ વર્ગ વઢવાણશહેરનિવાસી બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે ચલાવ્ હતો. શિક્ષણાર્થીઓને પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મસુધાઝરતા અનુપમ ટેપપ્રવચનો ઉપરા પૂજ્ય બેનશ્રીના આવાસ પર દરરોજ સંભળાવાતી એમની અનુભવભીની ધર્મચર્ચાની ટેપ સારો લાભ મળતો હતો જેથી તેઓ પોતાને અતિ ભાગ્યશાળી અનુભવતા હતા. શિક્ષણવર્ગમાં હિન્દીભાષી શિક્ષણાર્થીઓની ઉપસ્થિતિ સારી રહી હતી.

❀ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગમાં ૧૭૩ શિક્ષાર્થીઓએ લાભ લીધો હતો. તદુપરાંત બહેનશ્રી-જન્મજયંતીના દિવસોમાં બીજા પણ ઘણા ભાઈઓ શિક્ષણનો લાભ લેતા હતા.

સોનગઢ, ભાવનગર, રાજકોટ, વઢવાણ, સુરેન્દ્રનગર, લાઠી, કાનાતળાવ, ઉમરાળા, સમઢિયાળા, વાંકાનેર, સરવાળ, જામનગર, વીંછિયા, શિહોર, ગારિયાધાર, બગદાણુ, ખારી, [illegible] આદિ સૌરાષ્ટ્રના, તેમ જ અમદાવાદ, સુરત, અંકલેશ્વર, હિંમતનગર, સાંઢરણા, [illegible] આદિ ગુજરાતના તથા બેંગલોર, પૂના, શિવપુરી, દિલ્હી, ઉદૈપુર, કરેરા, મહીદપુર, સાગર, મૈનપુરી, દમોહ, ગ્વાલિયર, ભોપાલ, ગુના, મુંબઈ, ઘાટકોપર, મલાડ, દાદર, ખંડવા, [illegible] વગેરે અનેક ગામના ભાઈઓએ ધાર્મિક શિક્ષણનો લાભ લીધો હતો.

## 卐 સાદગીથી સમ્પન્ન બેનશ્રીની ૭૭મી જન્મજયંતી 卐

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી તેઓશ્રીની મંગળ ઉપસ્થિતમાં દર વર્ષે ઉજવાતી પ્રશમમૂર્તિ પૂજ્યબેનશ્રી ચંપાબેનની જન્મજયંતીની જેમ આ વર્ષે પણ ૭૭મી જન્મજયંતી સોનગઢમાં ઉજવાઈ; પરંતુ પરમોપકારી મંગલમૂર્તિની કલ્યાણી પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ઉજવાતી જન્મજયંતીના અવસર પર બધાને જે અતિ આનન્દોલ્લાસનો અનુભવ થતો હતો તેનું સ્થાન આ ૭૭મી જન્મજયંતીના અવસરે પૂજ્ય બેનશ્રીની મંગળવર્ષિણી પ્રત્યક્ષ ઉપસ્થિતિના અભાવને કારણે ચિર–વિરહની દુઃખ દર્દભરી ઉદાસીનતાએ લઈ લીધું હતું. દરેક કાર્યક્રમના અવસર પર તે ઉપકારમૂર્તિના સ્મરણ મુમુક્ષુ હૃદયને વિયોગ—વેદનાથી ભરી દેતા હતા. પ્રાયઃ બધાના નેત્ર આંસુઓથી છલકાઈ જતા હતાં. ભક્તોને તો એ જ ભાવના રહેતી હોય છે કે પ્રત્યક્ષ પરમોપકારી સત્પુરુષ અમારી સામે જ હંમેશા રહે. પરંતુ કુદરતનો ક્રમ અનુલ્લંઘ્ય છે. કલ્પના પણ નહોતી કે આ પરિસ્થતિ આવશે. પરંતુ આ દુઃખદ ઘડી આવીને જ રહી. ભક્તિના સમયે આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈનું હૃદય પોતાની પ્રિય બહેન પૂજ્ય બેનશ્રીના વિયોગજનિત દુઃખવેદનથી એટલું ભરાઈ જતું હતું કે જે જોઈને ઉપસ્થિત મુમુક્ષુના નેત્ર આંસુથી ભરાઈ જતા હતા. આવી ઉદાસીભર્યા વાતાવરણમાં પૂજ્ય બેનશ્રીના ઉપકાર સ્મરણની પ્રમુખતાથી જન્મજયંતી સાદગીથી ઉજવાઈ હતી.

જન્મજયંતી સમારોહનો પ્રારંભ શ્રાવણ સુદ–૧૩ તા. ૪–૮–૯૦ના દિવસે પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મામૃત ભર્યા ટેપ–પ્રવચન તથા 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા'થી થયો. પ્રવચન તથા પૂજાનું સ્થળ મુમુક્ષુઓથી ભરાઈ જતું હતું. ઉપસ્થિતિ થી દેખાતું હતું કે સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બેનશ્રી પ્રત્યે મુમુક્ષુઓને કેટલો બધો ભક્તિભાવ છે.

આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરહસ્યભર્યા ટેપ–પ્રવચન ઉપરાંત બેનશ્રીની સ્નેહભર્યાં સંભળાવેલી ઓડિઓ ધર્મચર્ચા તથા દેખાડવામાં આવેલી વિડિઓ ધર્મચર્ચાના દ્વારા ઉપસ્થિત મહેમાન ખૂબ જ પ્રસન્ન થયા. વિડિઓ ધર્મ-ચર્ચાના સમયે ભગવતી

માતાના દર્શનથી અનેક ભક્તોનાં ઉપકૃતભાવભીના હૃદય ભરાઈ જતા હતા અને ને
આસુંઓથી ભરાઈ જતા હતા.

જન્મજયંતીના આ પ્રસંગે સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ દોશી, શશિકાન્તભાઈ શે
પ્રાણભાઈ કામદાર તથા હિંમતભાઈ ડગલી આદિએ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બેનશ્રી
પ્રતિ ઉપકૃતભાવભીના વૈરાગ્યરસ પોષક પ્રવચન આપ્યા હતા.

પ્રતિદિન પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન બાદ આપણા આદરણીય પંડિતરત્ન
શ્રી હિંમતભાઈ જે. શાહ પોતાના શાંત મધુર, વૈરાગ્ય તથા ભક્તિરસભર્યા સ્વરમાં પ્રસંગો
ચિત્ત ભક્તિ કરાવતા હતા જેનો લાભ બધા મંત્રમુગ્ધ થઈને લેતા હતા.

આ દિવસોમાં આવતું રક્ષાબંધનનું મંગળ પર્વ મુનિપૂજા તથા ભક્તિના વિશે
સમારોહ સાથે ઉજવાયું હતું.

## 卐 શ્રાવણ વદ બીજ : બેનશ્રીની જન્મજયંતી 卐

પ્રાતઃ પૂજ્ય બેનશ્રીના નિવાસ પર દર્શન તથા ધર્મચર્ચાની ટેપ પછી આપણા
તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનનો ક્રમ હતો. ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના
મુખારવિન્દથી પૂજ્ય બેનશ્રીની સ્વાનુભવવિભૂષિત આધ્યાત્મિક પવિત્રતા તથા ધર્મ—વિષયક
લોકોત્તર જાતિસ્મરણ જ્ઞાનનું ગંભીર વિવરણ સાંભળીને શ્રોતાસમૂહ પ્રસન્નતાના વેદન સાથે
પ્રત્યક્ષ પરમોપકારીના વિયોગનું દુઃખ અનુભવતા હતા.

પૂજ્ય ગુરુદેવના પ્રવચન બાદ પ્રવચન સ્થળ પર રાખેલ પૂજ્ય બેનશ્રીના વિશાળ
ભવ્ય ચિત્રપટ સમક્ષ જન્મજયંતીના ઉપલક્ષમાં સ્તુતિ—વંદનાનો કાર્યક્રમ રાખ્યો હતો.
તે સમયે પૂજ્ય બેનશ્રીના 'મંગળ વચન'ની ટેપ સંભળાવી હતી. ત્યાર બાદ પરમાગમ-
મંદિરમાં 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા' તથા તેનું સમાપન કરવામાં આવ્યું હતું.

બપોરે શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ, સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવનું ટેપ
પ્રવચન તથા ત્યારબાદ બેનશ્રીની વિડિઓ ધર્મચર્ચા. આ રીતે પૂજ્ય ગુરુદેવની પુનિત
પ્રેરણાથી તેઓશ્રીના ઉપસ્થિતકાળથી પ્રતિવર્ષ સમ્પન્ન થતો રહેલો 'બેનશ્રી ચમ્પાબેન-
જન્મ-જયંતી'નો આ સમારોહ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બેનશ્રીના અનુપમ ઉપકારોને
મુમુક્ષુ હૃદયોમાં આન્દોલિત કરતો અતિ સાદગીથી સમ્પન્ન થયો હતો.

આ પ્રસંગે વઢવાણ તથા ઘાટકોપરની દિ. જૈન ભજનમંડળીએ વૈરાગ્ય તથા ભક્તિભીના
ભક્તિકાર્યક્રમ દ્વારા પોતાનો સહયોગ આપ્યો હતો.

જન્મજયંતીના આ પ્રસંગે મહેમાનોને સવારના ચા-નાસ્તો તથા જમાડવાનો લાભ
નીચે જણાવેલા મુમુક્ષુઓને મળ્યો હતો :—

[illegible] : (૧) સ્વ. જેઠાલાલ દેવરાજભાઈ શાહ, નાઈરોબી
હ. વિનુભાઈ, ચંદ્રકાંતભાઈ, મનીષભાઈ
(૨) મુક્તાબેન નવલચંદભાઈ શાહ, સોનગઢ

[illegible] જમણ—(૧) શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ અને શ્રીમતી ગંગાબેન કરમણભાઈ તથા તેમનાં પરિવાર તરફથી તેમના સુપુત્ર સ્વ. સુરેશભાઈની નવમી પુણ્યતિથિ નિમિત્તે હ. ચીમનભાઈ
(૨) ગંગાબેન રામજીભાઈ રૂપશીભાઈ
હ. રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી
(૩) તખતરાજજી જૈન, કલકત્તા

[illegible] જમણ—(૧) વ્રજલાલ મગનલાલ શાહ, જલગાંવ
(૨) જયેશભાઈ દોલતરાય મહેતા, જામનગર
(૩) અરવિંદભાઈ નંદલાલ પ્રાગજીભાઈ મહેતા હ. કલાબેન
(૪) સ્વ. રામજીભાઈ દેવરાજભાઈ શાહ, હ. ચંદ્રકાંતભાઈ નાઈરોબી

[illegible] જમણ—શ્રા. સુદ–૧૫નું બ્ર. શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી જમશેદપુર તથા શ્રા. વદ ૨ શ્રી સવિતાબેન વૃજલાલ ડેલીવાળા, સુરત.

આ પ્રસંગે શ્રી ચૌંસઠઋદ્ધિમંડળ વિધાન પૂજા કાયમી :—
(૧) શ્રી કુન્દાબેન અનુપચંદ ખારા (રાંચી),
(૨) કેટલાક બ્રહ્મચારિણી બહેનો સોનગઢ,
(૩) સ્વ. શ્રી [illegible]બેન જગજીવનભાઈ દોશી સાવરકુંડલા,
(૪) સ્વ. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ સોનગઢ હ. જીતુભાઈ,
(૫) શ્રીમતી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર મુંબઈ,
(૬) [illegible] શ્રી પોપટલાલ ગોસળીયા તથા ચંપાબેન પોપટલાલ ગોસળીયા સોનગઢ,
(૭) શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ લીંબડીવાળા, મુંબઈ,
(૮) શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા જામનગર,
(૯) બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી રાજકોટ,
(૧૦) શ્રી જ્યોતિબેન પ્રવિણચંદ્ર મહેતા, (હા : પ્રવિણચંદ્ર નવલચંદ મહેતા) મુંબઈ,

તથા પ્રાસંગિક—(૧) શ્રી રજનીકાન્ત જેચંદભાઈ ગોસળિયા, મુંબઈ
(૨) શ્રી ચીમનભાઈ પ્રેમજીભાઈ ગોસળીયા, રાણીપ (અમદાવાદ)
—તરફથી રાખવામાં આવી હતી.

રાજકોટ નિવાસી સ્વ. શ્રી પ્રભુલાલભાઈ મોહનલાલ ધીયા તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીના [illegible] કેસેટમાં ૨૫% ડીસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

તદુપરાંત શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ સ્વાધ્યાય મંડળ, ધા[illegible]ા હસ્તે સંદીપ રસીકલા
શાહ તથા સુનીલ રમેશચંદ્ર શાહ ( સેક્રેટરી ) તરફથી પણ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો
કેસેટમાં ૨૫ ટકા ડીસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

પુસ્તકોમાં ૨૫% કમીશન શ્રી ગંગાબેન રામજીભાઈ રૂપશીભાઈ
હ. રળીયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી ત

ગુજરાતી તેમ જ હિન્દી આત્મધર્મના વાર્ષિક લવાજમમાં રૂા. ૪/–નું ડીસ્કાઉન્ટ ત્રિવેણીબે
કેશવલાલ કોઠારી મુંબઈ તરફથી રાખવામાં આવેલ હતું.

* પૂજ્ય બહેનશ્રીની આ ૭૭મી જન્મજયંતીમાં લગભગ પંદરસો મહેમાન
આવ્યા હતા.

## * બહેનશ્રી-ચિત્રપટ-અનાવરણ *

* તા. ૬–૮–૯, શ્રાવણ સુદ ૧૫, રક્ષાબંધનપર્વના શુભ દિને, પ્રાતઃ પૂ
ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન પછી, પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાન
સ્વામીનો તથા તેમની કલ્યાણી વાણીનો અપાર અપાર ઉપકારમહિમા સમજાવ્યાનો મુ
સમાજ ઉપર અનુપમ ઉપકાર કરનાર સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
ભવ્ય ચિત્રપટની અનાવરણ-વિધિ, 'સ્વાધ્યાયમંદિર'ના વિશાળ પ્રવચનકક્ષમાં સહસ્ત્રા
મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અત્યંત સાદગીથી કરવામાં આવી હતી. અનાવરણવિધિનો ઉ
લાભ મુમુક્ષુ ભાઈશ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (દહેગામ) તથા તેમના પરિવારને પ્રા
થયો હતો. અનાવરણની શુભ વિધિ આપણા આદરણીય પૂજ્ય પંડિતજી શ્રી હિંમતલાલ
જે. શાહ દ્વારા 'મંગલાષ્ટક', ણમોકારમંત્ર તેમ જ 'ચત્તારિ મંલગં' પાઠના શુભોચ્ચા
પૂર્વક થઈ હતી. 'બહેનશ્રી-ચિત્રપત્ર-અનાવરણ' વિધિની ખુશાલીમાં સંસ્થાને વિ
મુમુક્ષુઓ તરફથી કુલ રૂા. ૪૩,૦૦૦ ની આવક થઈ હતી.

* **શ્રી દશલક્ષણપર્યુષણ પર્વ** :— તા. ૨૫–૮–૯૦ શનિવારથી તા. ૩–૯–
સોમવાર સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપૂર્ણ ( દશલક્ષણ ધર્મ પર ) ટેપ પ્રવ
શાસ્ત્રવાંચન તથા 'દશલક્ષણધર્મ-મંડળવિધાનપૂજા'ના સમારોહપૂર્વક દક્ષલક્ષણપર્યુષણ
અતિ આનન્દોલ્લાસ પૂર્વક ઉજવાશે.

* **શ્રી ઉત્તમ ક્ષમાવણી પર્વ** :— ભાદરવા વદ એકમ તા. ૫–૯–૯ બુધવ
રોજ ક્ષમાવણી પૂજાના સમારોહ પૂર્વક ક્ષમાવણી પર્વ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાશે.

પરમ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતીમાતાના અનુપમ ઉપકારોથી અભ્ય
અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી સદૈવ જયવંત વર્તો.

—૦—

[ આગમ મહાસાગરનાં........ટાઈટલ ૨ થી ચાલુ ]

* આત્મિક પદાર્થકો હી પરત્માત્મા કહા ગયા હૈ. આત્માકા મૂલ સ્વભાવ પરમાત્મારૂપ હૈ. ઇસી આત્માકે શુદ્ધ સ્વભાવમેં રમણ કરનેસે સિદ્ધિ પ્રાપ્ત હોતી હૈ. આત્મપદાર્થ હી આત્માકે સ્વરૂપકો દેખનેકો સમર્થ હૈ. મન, વચન, કાયકી વહાં પહુંચ નહીં હૈ. આત્મા સ્વસંવેદનગોચર હૈ. યહી આત્માનુભવરૂપી જહાજ ક્ષણમાત્રમેં યા એક અંતર્મુહૂર્તમેં સર્વ કર્મોકા ક્ષય કર ડાલતા હૈ ૨૩૪. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૨૧૧)

* પ્રશ્ન :—'જે કોઈ પણ ધ્યેય (અર્થાત્ કોઈ પણ ધ્યાન કરવા-યોગ્ય પદાર્થ)' કહેલ છે તેનો શો અર્થ છે?

ઉત્તર :—પ્રાથમિક (પુરુષ)ની અપેક્ષાએ સવિકલ્પ અવસ્થામાં વિષય અને કષાયો દૂર કરવા માટે અને ચિત્તને સ્થિર કરવા માટે પંચ-પરમેષ્ઠી વગેરે પરદ્રવ્ય પણ ધ્યેય હોય છે, પછી જ્યારે અભ્યાસના વશે ચિત્ત સ્થિર થઈ જાય ત્યારે શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ જ ધ્યેય હોય છે. ૨૩૫.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫૫ની ટીકામાંથી)

* જેમ કમળપત્ર અને પાણી સદાય જુદા જ રહે છે તેમ શરીરના સંયોગમાં રહેલો આ આત્મા પોતાના સ્વભાવથી નિર્મળ છે અને શરીર, કર્મો તથા રાગાદિ મળથી સદા અલિપ્ત રહે છે. ૨૩૬. (પરમાનંદસ્તોત્ર, શ્લોક-૭)

* જિસ પરમાત્માકે જાને વિના અન્ય સમસ્ત જાને હુએ પદાર્થકા જાનપના ભી નિરર્થક હૈં, ઔર ઇસમેં કોઈ સંદેહ નહિ કિ જિસકા સ્વરૂપ જાનનેસે સમસ્ત વિશ્વ જાના જાતા હૈ. ૨૩૭.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ-૩૧, શ્લોક-૩૦)

* આ વિષયસુખ તો બે દિવસ રહેનારા—ક્ષણિક છે. પછી તો દુઃખની જ પરિપાટી છે, માટે હે જીવ! તું તારા આત્માને ભૂલીને પોતાના જ ખભા ઉપર કૂહાડાનો પ્રહાર ન કર. ૨૩૮.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૭)

* હે સાંસારિક દુઃખરૂપ ક્ષુધાથી પીડિત મનરૂપ પથિક! તું મનુષ્ય-પર્યાયરૂપ વૃક્ષની વિષયસુખરૂપ છાયાની પ્રાપ્તિથી જ શા માટે સંતુષ્ટ થાય છે? તેનાથી તું અમૃતરૂપનું ગ્રહણ કર. ૨૩૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૮)

## 卐 તું પ્રયત્ન કર 卐

પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ અરૂપી હોવા છતાં પોતે તેને જાણી તો શકે છે, પણ પોતે તે માટે પ્રયત્ન કરતો નથી, તેથી તેને જાણતો નથી. તે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા થઈ શકે છે અને સ્વાનુભૂતિમાં પણ તે આવે છે. સ્વભાવ તો સદા છે; તે કાંઈ હાનિ નથી પામ્યો. સ્વભાવને પોતે જાણી શકે છે, પોતે તેને અનુભૂતિમાં લઈ શકે છે; વિશેષ લીનતા કરવાથી તે વિશેષ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થતાં તે પૂર્ણ પ્રગટ થઈ શકે છે. ગુરુદેવે આ માર્ગ બતાવ્યો છે, એમનો આપણાં ઉપર અનંત અનંત ઉપકાર છે.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૩૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

૪૨૬ A શ્રી ડૉ. ધીરજલાલ પી. [illegible]
[illegible]
વાયા–સોનગઢ